અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 14, Dt.28-10-2023 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુરતમાં હચમચાવી દેનારી ઘટના

એક જ પરિવારના સાત લોકોએ એકસાથે જીવન ટૂંકાવ્યું, પિતાએ ઘરના સભ્યોને દવા પીવડાવી ગળાફાંસો ખાધો

પોલીસ દ્વારા સૌપ્રથમ મૃતકોના મૃતદેહોને હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ

સુરત.તા.૨૮

પાલનપુર પાટિયા પાસે નૂતન રો-હાઉસની સામે એક ચકચારી ઘટના સામે આવી છે. સિદ્ધેશ્વર એપાર્ટમેન્ટમાં એક જ પરિવારના સાત લોકોના સામૂહિક આપઘાતની ઘટના સામે આવી છે. હાલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી આ અંગે તપાસ કરી રહી છે, જોકે પિતાએ પરિવારના સભ્યોને દવા પીવડાવી પોતે ગળાફાંસો ખાધો હોવાની શંકાઓ સેવાઈ રહી છે. મળતી માહિતી મુજબ, આ પરિવારના સાત સદસ્યોમાં પતિ-પત્ની, માતા-પિતા, બે બાળક અને એક બાળકીનો સમાવેશ થાય છે. આ ઘટના અંગે હાલ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા સૌપ્રથમ મૃતકોના મૃતદેહોને હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ સાથે આસપાસના લોકો તથા પરિવારજનોની પૂછપરછ પણ હાથ ધરી છે. જોકે હાલ આર્થિક સંકડામણને કારણે પરિવારે આપઘાતનું પગલું ભર્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.સુરત-માં હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. શહેરના અડાજણમાં આવેલા પાલનપુર પાટિયા વિસ્તારમાં સિધેશ્વર એપાર્ટમેન્ટમાં પરિવારની સામૂહિક આપઘાતની ઘટના સામે આવી છે. જેમાં પતિ, પત્ની, માતા, પિતા અને બે બાળકો સહિત પરિવારના ૭ લોકોએ આપઘાત કર્યો છે. પ્રાથમિક માહિતી અનુસાર, પરિવારના ૬ લોકોએ ઝેરી દવા ગટગટાવી અને એક વ્યક્તિએ ગળેફાંસો ખાધો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવના પગલે પોલીસ અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. જોકે, સામૂહિક આત્મહત્યાનું કારણ હજુ અકબંધ છે. જોકે ઘરના વડીલે ઘરના સભ્યોને દવા પિવડાવી અને પોતે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

મોરબીના સિરામીક ઉદ્યોગમાં વપરાતા ગુજરાત ગેસના ભાવમાં ફરી વધારો

રૂ.૪૭.૧૦ના ભાવમાં રૂ.૨.૪૦નો વધારોઃ નવો દર રૂ.૪૯.૫૦

મોરબી, તા.૨૮

મોરબીમાં સીરામીક પ્રોડક્ટના ઉત્પાદન માટે ગુજરાત ગેસ કંપનીનો નેચરલ ગેસ ઉપયોગમાં લેવામાં આવે છે આ ગેસના ભાવમાં ગુજરાત ગેસ કંપની દ્વારા પ્રતિ કયુબિક મીટર ગેસના ભાવમાં રૂપિયા ૨.૪૦ નો વધારો કરવામાં આવ્યો છે જે આગામી તા ૧/૧૧/૨૩ થી અમલમાં આવશે.

જેથી કરીને ઉદ્યોગકારોની મુશ્કેલીમાં વધારો થશે મોરબી સીરામીક ઉદ્યોગમાં વપરાતા નેચરલ ગેસનો વપરાશ અગાઉ દૈનિક લાખો ક્યુબીક મીટર ગેસ વાપરવામાં આવે છે જો કે, મોરબીના ઉદ્યોગકારો દ્વારા છેલ્લા ઘણા માહિનાઓથી ગુજરાત ગેસ અને પ્રોપેન ગેસનો ઉપયોગ કરવામાં આવે છે અને જે ગેસ સસ્તો હોય તેનો ઉપયોગ કરીને સિરામિક પ્રોડક્ટનું ઉત્પાદન કરવામાં આવે છે.

તેવામાં હાલમાં ગુજરાત ગેસ કંપની દ્વારા નેચરલ ગેસના ભાવમાં ૨.૪૦ રૂપિયાનો વધારો કરવામાં આવેલ છે જે આગામી તા ૧/૧૧/૨૩ થી લાગુ પડશે અને આજની તારીખે જે ગેસ ૪૭.૧૦ રૂપિયાના ભાવથી આપવામાં આવે છે તે આગામી પહેલી તારીખેથી ૪૯.૫૦ ના ભાવથી ગેસ મળશે તેવું જાણવા મળ્યું છે.

ગુજરાત શિક્ષણ બોર્ડે ધોરણ ૧૦-૧૨ની પરીક્ષા ફીમાં ૧૦%નો કર્યો વધારો

લાખો વિદ્યાર્થીઓ પર થશે અસરઃ ધોરણ ૧૦, ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સની પરીક્ષા ફીમાં કેટેગરી પ્રમાણે ફીમાં વધારો કરાયો



ગાંધીનગર, તા.૨૮

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા ફીમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ ફી વધારાની અસર બોર્ડના લાખો વિદ્યાર્થીઓ પર પડશે. બોર્ડ રેગ્યુલર, રીપિટર અને ખાનગી સહિતના તમામ કેટેગરીના વિદ્યાર્થીઓની ફીમાં ૧૦ ટકા વધારો કર્યો છે.ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ ૧૦, ધોરણ ૧૨ સાયન્સ તેમજ કોમર્સની પરીક્ષા ફીમાં કેટેગરી પ્રમાણે ફીમાં વધારો કરવામાં આવ્યો છે. ધોરણ ૧૦ની ફી ૩૫૫ રૂપિયાથી વધારીને ૩૯૯ રૂપિયા કરવામાં આવી છે જ્યારે ધોરણ ૧૨ સાયન્સમાં ફી રૂપિયા ૬૫૫થી વધારી રુપિયા ૬૬૫ કરવામાં આવી છે અને ધોરણ ૧૨ કોર્મસમાં નિયમિત ફી રૂપિયા ૪૯૦થી વધારીને રુપિયા ૫૪૦ કરવામાં આવી છે. ધોરણ ૧૦માં કુલ ૧૩ કેટેગરી આવેલી છે જેમાં લઘુત્તમ રૂપિયા ૧૫થી ૪૦ સુધીનો વધારો કરાયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા ૧૧મી માર્ચથી ૨૬મી માર્ચ દરમિયાન લેવામાં આવશે. આ સિવાય ધોરણ-૧૨ પછી લેવાથી ગુજકેટની પરીક્ષા ૨ એપ્રિલે લેવામાં આવશે. ધોરણ ૧૦ની પરીક્ષાનો સમય સવારનો રહેશે જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષાનો સમય બપોરનો રહેશે. આ પરીક્ષા નવી શિક્ષિણ નીતિ મુજબ લેવાશે.

ગાઝા પર કહેર વર્ષા ચાલુઃ મોબાઈલ-નેટ સેવા બંધઃ દુનિયાથી સંપર્ક કપાયો

બંધકોના ઠેકાણા શોધવા ઈઝરાયેલ કમાન્ડો ટીમ અલગ અલગ માર્ગો પરથી ઘુસી

તેલઅવીવ,તા.૨૮

ઈઝરાયેલ પર હમાસના હુમલા બાદ શરૂ થયેલા યુદ્ધમાં હવે ઈઝરાયેલની સેનાએ ગાઝાપટ્ટી ક્ષેત્રમાં જમીની હુમલા તેજ બનાવી દીધા છે. ઈઝરાયેલી સેનાના પ્રવકતાએ જાહેર કર્યુ કે હવાઈ હુમલાની સાથે હવે ભૂમિદળ પણ પુરી રીતે એકશનમાં આવી ગયુ છે. ઈઝરાયેલ ગાઝામાં વિજળી, પાણી કાપ્યા બાદ હવે મોબાઈલ તથા ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેતા ગાઝામાં અંદર શું ચાલી રહ્યું છે. તેના પર લગભગ અંધારપટ્ટ જેવી સ્થિતિ હતી અને ગાઝાનો દુનિયાનો સંપર્ક તૂટી ગયા છે.

મિડિયા રિસોર્ટ મુજબ ઈઝરાયેલી સેનાએ રાત્રીનાજ ભારે બોમ્બવર્ષા કરી હતી તો ઈઝરાયેલની ભૂમિદળ જમીની અભિયાન વિસ્તરી રહી છે અને હમાસ સાથે અનેક મોરચે લડી રહ્યું છે. ઈઝરાયેલએ ગાઝા ક્ષેત્રમાં સૌથી મોટી ઈઝરાયેલે એક વિડીયો જાહેર કરી ગામની સૌથી મોટી હોસ્પીટલનો હમાસના આતંકવાદીઓના અડ્ડા તરીકે દર્શાવીને કહ્યું કે હોસ્પીટલના બેઝમેન્ટ તથા અન્ડરગ્રાઉન્ડ બાંધકામમાં હમાસનું હેડકવાટર છે. અહીની સૌથી મોટી ઈસ્માઈલી હોસ્પીટલની અંદર હમાસની પ્રવૃતિઓ ચાલી અને ત્યાંથી તે ઈઝરાયેલ સામે યુદ્ધનું સંચાલન થાય છે.

અલ શિક્ષા નામની હોસ્પીટલ ત્યાં હમાસના શસ્ત્રો તથા દારુગોળા પણ છુપાયેલો અને દર્દીઓની આડમાં તેઓ ખુદને બચાવી રહ્યા છે. તેઓએ હોસ્પીટલમાં ઈંધણ ખોરાક વિ. છુપાવીને રાખ્યા છે.બંધકોની શોધ હમાસના કબ્જામાં રહેલા ૨૫૦થી વધુ બંધકોની પણ ઈઝરાયેલે તેજ કરી છે તેમને ઈરાનમાં ખસેડી તે પુર્વે જ મુક્ત કરાવવા માટેનું ખાસ અભિયાન છેડાશે. અગાઉ ઈઝરાયેલના કમાન્ડોથી ગાઝા ક્ષેત્રમાં ૮-૧૦ જેટલા બંધકોને સફળતા પુર્વક છોડાવી લીધા હતા પણ હવે યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે આ કામગીરીએ સૌથી મોટો પડકાર છે. ઈઝરાયેલ હાલ આ બંધકોના લોકેશન શોધી રહ્યું છે.

જીવરાજ શરાફી સહકારી મંડળીનો ભવ્યાતિ ભવ્ય સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે

નોંધાયેલા સભાસદઓને પોતાનો શેર શર્ટી ફીકેટ તાત્કાલીકના ધોરણે મંડળીની ઓફીસેથી મેળવી લેવા માટેનો અનુરોધઃ નરેન્દ્રભાઈ સોલંકી



(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૮

શ્રી આપાગીગાના ઓટલાના મહંત શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (શ્રી નરેન્દ્રભાઇ સોલંકી) ના માર્ગદર્શન અને વડપણ હેઠળ કાર્યરત શ્રી જીવરાજ શરાફી સહકારી મંડળીનો ભવ્યાતિ ભવ્ય સ્નેહ મીલન કાર્યક્રમ આગામી તા. ૫-૧૧-૨૦૨૩, રવિવારના રોજ શ્રી જીવરાજ શરાફી સહકારી મંડળી લી. ગાયત્રી નગર મેઇન રોડ, ભક્તિનગર સર્કલથી આગળ, રાજકોટ ખાતે વિવિધક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતીમાં યોજવામાં આવશે,

પ્રણેતા તેમજ શ્રી આપાગીગાના ઓટલાના મહંતશ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (શ્રી નરેન્દ્રભાઇ સોલંકી) તેમજ શ્રી જીવરાજ શરાફી સહકારી મં.લી.ના તમામ બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા રજી. નં. -૪૪૯૯૪, તા. ૨૯-૬-૨૦૧૭ ના રોજ સ્થાપના કરવામાં આવેલ હતુ. ત્યારબાદ સંજોગો વસાહત તેમજ કોરોના કાળના હિસાબે આ મંડળીને સુસુમ અવસ્થામાં રાખવામાં આવેલ હતી.

હાલમાં જ છેલ્લા ત્રણેક મહીનામાં જ લોકોની લાગણી અને માંગણીને ધ્યાને રાખી અને આ મંડળીની અંદર જીતુભાઇ સોલંકી કે જેઓ ધ કો ઓપરેટીવ બેંક ઓફ રાજકોટમાં એ.જી.એમ.ની જવાબદારીઓ સંભાળતા હતા. તેઓને શ્રી જીવરાજ શરાફી સહકારી મંડળી ની અંદર જનરલ બોર્ડમાં જીતુભાઈ સોલંકીને આ મંડળીની અંદર એ.જી.એમ. તરીકેની જવાબદારીઓ સોંપવામાં આવેલ. ત્યાર બાદ આ મંડળીને લોક ઉપયોગી કાર્યો કરવા માટે થઇ તેમજ લોકોને ઉપયોગી થવાની ભાવના સાથે માનવતાનો અભિગમ રાખી અને આ મંડળીને સંપૂર્ણ પણે કાર્યરત કરવા માટે થઇ અને નિર્ણય કરવામાં આવેલ હતો. ત્યાર બાદ આ મંડળીને સંપૂર્ણ પણે બેંકીંગક્ષેત્રને અનુરૂપ ઓપ આપી અને શ્રી જીવરાજગૃપના પ્રથમ માળે, ગાયત્રી નગર મેઇન રોડ ઉપર સંપૂર્ણ સુવિધાઓયુકત અને આધુનીક કોમ્પ્યુરાઇઝડ સુવિધાઓ સાથેનું સંચાલન કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં ખુબજ ટુંકા સમયગાળામાં રાજકોટની પ્રજાજનો એટલે કે શ્રી જીવરાજ શરાફી સહકારી મંડળીના સભાસદઓ દ્વારા ખુબજ મોટા પ્રમાણમાં એટલે કે રૂ. ૬૪૫ (લાખ) રૂપીયા જેવી માતબર રકમ જમાં કરાવ-ામાં આવેલ છે અને હાલમાં પણ અવિરણ પણે ખુબજ મોટા પ્રમાણમાં ડિપોઝીટો પણ જમાં કરવવા માટે લોકો ખુબ જ ઉત્સાહીત છે. લોકોને પોતાના પૈસાનું સંપૂર્ણ પણે પારદર્શક રીતે વહીવટ કરીને પુરેપુરૂ વળતર મળે તેઓ શ્રી જીવરાજ શરાફી સહકારી મંડળીના બોર્ડ ઓફ ડીરેકટર તેમજ સ્ટાફ ગણનો પુરૂષાર્થ રહેશે.

આ મંડળીના સત્કાર સમારંભ તેમજ સ્નેહ મીલન પ્રસંગે રાજકીય ક્ષેત્ર, સહકારી ક્ષેત્ર તેમજ સામાજીક ક્ષેત્રના અને વિવિધક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહી અને આ મંડળીને શુભેચ્છાઓ પાઠવશે. ઉપસ્થિત રહેનાર મહાનુભાવ સર્વે વિજયભાઇ રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી ગુજરાત રાજય),રાઘવજીભાઇ પટેલ (કેબીનેટ મંત્રી ગુજરાત, પ્રભારી રાજકોટ), ભાનુબેન બાબરીયા (કેબીનેટ મંત્રી ગુજરાત રાજય), કુવરજીભાઇ બાવ-ળીયા (કેબીનેટ મંત્રી ગુજરાત રાજય),નયનાબેન પેઢડીયા (રા.મ્યુ.કોર્પો.મેયર), મોહનભાઇ કુંડારીયા (સંસદ સભ્ય, પૂર્વ કેન્દ્રીય મંત્રી) રામભાઇ મોકરીયા (સંસદ સભ્ય),જયેશભાઇ રાદડીયા (પૂર્વ કેબીનેટ મંત્રી, ધારાસભ્ય), ઉદયભાઇ કાનગડ (ધારાસભ્ય), રમેશભાઇ ટીલાળા (ધારાસભ્ય) ,ડો. દર્શીતાબેન શાહ (ધારાસભ્ય),ડો. વલ્લભભાઇ કથીરીયા (પૂર્વ કેન્દ્રીય મંત્રી), ગોવિંદભાઇ પટેલ (પૂર્વ મંત્રી ગુજરાત રાજય), જશુમતીબેન કોરાટ (પૂર્વ મંત્રી ગુજરાત રાજય), ટપુભાઇ લીંબાસીયા (પૂર્વ ધારાસભ્ય), માધાંતાસિંહજી જાડેજા (રાજકોટ સ્ટેટ), કમલેશભાઇ જોષીપુરા (પૂર્વ કુલપતિ યુનિ.), રાજુભાઇ ધ્રુવ (પ્રવકતા સૌરાષ્ટ્ર કચ્છ), કમલેશભાઇ મીરાણી (પૂર્વ પ્રમુખ રાજકોટ શહેર ભાજપ), પ્રદીપભાઇ ડવ (પૂર્વ મેયર રા.મ્યુ.કો), ડો. ભરતભાઇ બોઘરા (ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ)બીનાબેન આચાર્ય (પ્રદેશ ભાજપ મંત્રી), પ્રશાંતભાઇ કોરાટ (ગુજરાત પ્રદેશ યુવા ભાજપ અદયક્ષ), મુકેશભાઇ દોશી (રાજકોટ શહેર ભાજપ અધ્યક્ષ), વિરેન્દ્રસિંહ ઝાલા (રાજકોટ શહેર ભાજપ મહામંત્રી), અશ્વીનભાઇ મોલીયા (રાજકોટ શહેર ભાજપ મહામંત્રી), માધવભાઇ દવે (રાજકોટ શહેર ભાજપ મહામંત્રી),નરેન્દ્રસિંહ જાડેજા (રા. મ્યુ. કોર્પો. ડે. મેયર), જયમીનભાઇ ઠાકર (રા. મ્યુ. કોર્પો. સ્ટે. કમીટી ચેરમેન), મનીષભાઇ રાડીયા (દંડક),મયુરભાઇ શાહ (શહેર ભાજપ કોષાધ્યક્ષ રક્ષાબેન બોળીયા (ચેરમેન-ચાઇલ્ડ વેલફેર કમીટી, પ્રદેશ કારો.), ભરતભાઇ રામાનુજ(સૌરાષ્ટ્ર યુનિવર્સીટી), ડો. વિજયભાઇ દેશાણી (પૂર્વ કુલનાયક સૌરાષ્ટ્ર યુનિવર્સીટી),અતુલભાઇ પંડીત (પૂર્વ ચરમેન- શિક્ષણ સમિતિ), ગીરીશભાઇ દેવળીયા (પૂર્વ ડિરેકટર નાગરીક બેંક) પ્રવિણભાઇ નિમાવત (શિક્ષણ સમિતિ વા. ચેરમેન), ગજેન્દ્રસિંહ ઝાલા (અધ્યક્ષ - લોક સંસદ વિચાર મંચ), જયોતીન્દ્રભાઇ મહેતા (મામા-સુપ્રસિધ્ધ સહકારી અગ્રાણી), કલ્પકભાઇ મણીયાર (ડીરેકટર નાગરીક બેંક), અપૂર્વભાઇ મણીયાર (સૌરાષ્ટ્ર શિક્ષણ સેવા શિશુ મંદિર ટ્રસ્ટ), બળવંતભાઇ જાની (સાગર સેન્ટ્રલ યુનિવર્સીટી ચાન્સેલર), જીમ્મીભાઇ દક્ષીણી (વા.ચેરમેન - રાજકોટ નાગરીક સહકારી બેંક) હર્ષદભાઇ માલાણી (ચેરમેન - ધી કોપ. બેન્ક ઓફ રાજ.-રાજબેંક), શામજીભાઇ ખુંટ (મેનેજીંગ ડિરેકટર - પીપલ્સ કો.ઓપ. બેંક) રાજુભાઇ ભંડેરી (મેનેજીંગ ડીરેકટર - ધરતી કો.ઓપ. બેંક), હારીતભાઇ મહેતા (મેનેજીંગ ડિરેકટર - સીટીઝન કો.ઓપ. બેંક) ગોપાલભાઇ માકડીયા (ચેરમેન-વિજય કોર્મ. કો.ઓપ. બેન્ક),બીનાબેન કુંડલીયા (ચેરમેન - રાજકોટ કોર્મ. કો.ઓપ. બેન્ક) દિપકભાઇ નથવાણી (ચેરમેન - રઘુવીર કો. ઓપ. સોસાયટી), હરગોપાલસિંહ જાડેજા (ચેરમેન - શિવ શકિત શરાફી મંડળી) અશોકભાઇ લકકરી (ચેરમેન - માંડવરાયજી ક્રેડીટ કો.ઓપ.સો.), હિતેશભાઇ લક્કરી (ચેરમેન - અવધ ક્રેડીટ કો. ઓપ. સોસાયટી) પ્રવીણભાઇ નિમાવત (ચેરમેન - અવધુત ક્રેડીટ કો. ઓપ. સોસા.), પરેશભાઇ ગજેરા (પ્રમુખ બિલ્ડર્સ એશો.) ગીરીશભાઇ ભીમાણી (વાઇસ ચાન્સેલર સૌરાષ્ટ્ર યુની. રાજકોટ), ખોડીદાસભાઇ પટેલ (ચેરમેન-આર.કે.યુની.), ગોરધનભાઇ ધામેલીયા(ચેરમેન-રાજકોટ ડેરી), કેતનભાઇ મારવાડી (ચેરમેન-મારવાડી યુની.), ભરતભાઇ ગાજીપરા (ટ્રસ્ટી - સર્વોદય સ્કુલ) હરીભાઇ પટેલ (બ્રિલીયન્ટ ઉચ્ચ મા.શાળા), અરૂણભાઇ સુરાણી (યુનિવર્સલ હાઇસ્કુલ), વી.પી. વૈષગવ (રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ) રમેશભાઇ ઠક્કર (ચેરમેન-ગીરીરાજ હોસ્પિટલ), ચંદ્રકાંતભાઇ શેઠ (પ્રમુખ-મહાવીર સેના), જયેશભાઇ ઉપાધ્યાય (બોલબાલા ચેરીટેબલ) પ્રતિપાલસિંહ ગોહીલ (અગ્રણી બિલ્ડર), મુકેશભાઇ શેઠ (શેઠ બિલ્ડર્સ), દિલીપભાઇ શેઠ (શેઠ બિલ્ડર્સ), મૌલેશભાઇ પટેલ (બાન લેબ કંપની), ડી.કે. સખીયા (અગ્રણી બિલ્ડર), નટુભાઇ ઉકાણી (બાન લેબ કંપની), વેજાભાઇ રાવલીયા (સીઝન હોટલ), જીતુભાઇ બેનાણી (અમીધારા ડેવલોપર્સ), સર્વાનંદભાઇ સોનવાણી (આર.કે.ગ્રુપ ડેવ.), લવજીભાઇ વાલજીભાઇ સાવલીયા (અગ્રણી ઉદ્યોગપતિ, લેન્ડ ડેવલોપર્સ) ભાવેશભાઇ પ્રેમજીભાઇ સાવલીયા (અગ્રણી લેન્ડ ડેવલોપર્સ એન્ડ બિલ્ડર્સ), ઉમેશભાઇ માલાણી (માલાણી કન્સ્ટ્રકશન કાં.), કે.સી.ચોવટીયા (સાયનોવા ગેયર એન્ડ ટ્રાન્સ.), કિરીટભાઇ આદ્રોજા (એન્જલ પમ્પ), કિશોરભાઇ પરમાર (પ્રમુખ,ગુજરાત સાઉથ ઇન્ડીયા ટ્રાન્સ.એશો.) રસીકભાઇ સુરેજા (એટલાન્ટીકસ એગ્રીટેક પ્રા. લી.), વિનોદભાઇ રામાણી (સોલાર ટેકનોકાસ્ટ), હિનેશ પટેલ (ફાઇબર ટેક. કમ્પ. પ્રા. લી.) કૌશિકભાઇ શાસ્ત્રીજી(જયોતિશઆચાર્ય તેમજ વેદાચાર્ય), ગોવિંદભાઇ સોલંકી (પૂર્વ મેયર), કમલભાઇ ધામી (રાજબેંક પરિવાર) લલિતભાઇ શાહી (પ્રમુખ-રાજકોટ બાર એશોસીયેશન), પરેશભાઇ મારૂ, સાંઇરામભાઇ દવે (સાહિત્યકાર), ભીમજીભાઇ ટાંક (અગ્રણી બિલ્ડર્સ - દુબઇ), સોનલબેન ફળદુ (પ્રીન્સીપલ - સરોજીની નાયડુ ગર્લ્સ હાઇસ્કુલ), જીજ્ઞેશ કાલાવડીયા (સામાજીક આગેવાન), ભગવાનજીભાઇ પરસાણા (અગ્રણી ઉદ્યોગપતિ), અભયભાઇ હકાણી (અગ્રણી ઉદ્યોગપતિ), છગનભાઇ પટેલ(બુસા) (સ્વાગત હાઉસ), હરેશ ગોલ (સન ગ્રનાઇટ એન્ડબિલ્ડર્સ), કૃષ્ણકાંતભાઇ ધોળકીયા (ધોળકીયા સ્કુલ), જીમ્મીભાઇ અડવાણી (પ્રમુખ - શિવરોના સૌરાષ્ટ્ર),ગુણવંતભાઇ ડેલાવાળા (પ્રમુખ- સરગમ કલ્બ - રાજકોટ), બિપીનભાઇ હદવાણી (મેટોડા જી.આઇ.ડી.સી. એશો.), જુલીબેન લોઢીયા (સોની સમાજ તેમજ સામાજીક આગેવાન), નલીનભાઇ ઝવેરી (સામાજીક અગ્રણી), સુખદેવસિંહ ગોહીલ (વંદના ટ્રેકટર્સ), નરેન્દ્રભાઇ દવે કિશોરભાઇ મંગલપરા, કિશોરભાઇ વાઢેર (અગ્રણી બિલ્ડર્સ), શાન્તુભાઇ રૂપારેલીયા (અધ્યક્ષ - વિશ્વહિન્દુ પરિષદ) હસુભાઇ ચંદરાણા (કાર્યકારી અધ્યક્ષ - વિશ્વહિન્દુ પરીષદ), નિતેશભાઇ કથીરીયા (મહામંત્રી - વિશ્વહિન્દુ પરીષદ), હસુભાઇ ભગદેવ (રાજકોટ ટ્રાન્સપોર્ટ એસોશીયેશન), જગદીશભાઇ કોટડીયા (ફાલ્કન ગૃપ), કમલનયન સોજીત્રા (ફાલ્કન ગૃપ), પરશોતમભાઇ કમાણી (ડોકટર પમ્પ), નાગજીભાઇ શેરડીયા (આર.એમ.એન્ટ.), કલ્યાણજીભાઇ ડોબરીયા (આરાધના એન્જી.), ચંદ્રેશભાઇ ત્રાટીયા (અરૂણ મશીન ટુલ્સ), વિનુભાઇ મણવર (એકસનવેર મેટલ એન્ડ ટ્યુબ્સ), અશોકભાઇ મણવર (એકસનવેર ઇન્ડીયા પ્રા.લી.-કે.ડી. કિચનવેર), હરીસિંગ સુચરીયા (સેન્ડી હોમ એપ્લા.), ગુણવંતભાઇ ભાદાણી (સ્વસ્તીક ફાયનાન્સ), ચિમનભાઇ હપાણી (કીચ ઇન્ડસ્ટ્રીઝ), જીતુભાઇ બેલાણી (અગ્રણી બિલ્ડર્સ), દિપકભાઇ અગ્રવાલ (અગ્રણી ઉદ્યોગપતિ), હરેશભાઇ અગ્રાવત (વ્રજ કોર્નર) વગેરેની ઉપસ્થિતી રહેશે.તેમ જણાવ્યું છે.

રાજકીય ક્ષેત્રના તેમજ સહકારી ક્ષેત્ર, સામાજીક ક્ષેત્રના આગેવાનોની બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે

ખાસ નોંધ :-

ઉપરોકત કાર્યક્રમમાં આ મંડળીના દરેક સભાસદઓને પોતાના ઓરીજનલ શેર સર્ટીફીકિટ સાથે હાજર રહી અને પોતાની ભેટ (ગીફટ) મેળવી લેવા માટેનો અનુરોધ કરવામાં આવે છે. તેમજ ઉપરોકત ભેટ ફકત અને ફકત એક દિવસ એટલે કે કાર્યક્રમના સમયે જ આપવાની હોવાથી દરેક સભાસદશ્રીઓને હાજર રહેવા માટે વિનંતી કરવામાં આવે છે. ત્યારબાદ કોઇપણ સભાસદને આ વર્ષની ગીફટ આપવામાં આવશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવા અનુરોધ.

ચેક રિર્ટન કેસમાં એક વર્ષની જેલની સજા

એક માસમાં રકમ ચુકવી આપવા કોર્ટનો આદેશ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યક્રમ-રાજકોટ)

રાજકોટ,તા.૨૮

બેંકમાંથી લોન લઇ ભરપાઇ ન કરનાર ડિફોલ્ટરો માટે ફરી એકવાર સજા સાથે દાખલારૂપ ચુકાદો અમદાવાદની કોર્ટે આપ્યો છે.

વિગતથી જોઇએ તો, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની અમદાવાદ શાખાના ખાતેદાર આગમ ઇન્ફ્રાગ્રીન પ્રા. લિ.ના ડાયરેકટર શાલીનભાઇ અભયભાઇ શાહને રૂા. ૧૦,૪૪,૦૦,૦૦૦ નું ધિરાણ અપાયેલ હતું. થોડા સમય બાદ આ ખાતુ ડિફોલ્ટર (એનપીએ) થયું હતું. ખાતેદારે વસુલી પેટે રૂા. ૨૫,૦૦,૦૦૦નો ચેક આપેલ તે પરત ફર્યો હતો.

જેથી બેંકે તા. ૨૦-૧૨-૨૦૧૯નાં આગમ ઇન્ફ્રાગ્રીન પ્રા. લિ.ના ડાયરેકટર શાલીનભાઇ અભયભાઇ શાહ સામે અમદાવાદની નેગોશીયેબલ કોર્ટમાં ચેક રિર્ટનનો કેસ દાખલ કર્યો હતો. ખાતેદારે ચેક રિટર્નની મૂળ રકમ જેટલી રકમ જમા કરાવી ન હતી.

આથી, ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ નામદારની કોર્ટે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ આગમ ઇન્ફ્રાગ્રીન પ્રા. લિ.ના ડાયરેકટર શાલીનભાઇ અભયભાઇ શાહને એક વર્ષની જેલની સજા અને ચેક રિટર્નના વળતરરૂપે રૂા. ૨૫,૦૦,૦૦૦ની રકમ ચુકવવાની સજા ફરમાવી હતી અને આ રકમ ચુકવવા માટે એક માસનો સમય આપ્યો હતો. જો આગમ ઇન્ફ્રાગ્રીન પ્રા. લિ.ના ડાયરેકટર શાલીનભાઇ અભયભાઇ શાહ આ રકમ ન ચુકવે તો વધારાના ત્રણ માસની કેદની સજા ફરમાવી હતી. ચેક રિટર્નનાં કેસની આ કામગીરીમાં બેંક વતી એડવોકેટ પી. એન. ધમનાણી, ફરિયાદી પુર્ણેન્દુભાઇ શાહ રોકાયેલ હતા.

અમરાપુર શૈક્ષણિક સંકુલમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના આંગણે શરદોત્સવનું ભવ્ય આયોજન

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ તા, ૨૮

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ,ગાંધીનગર અને શ્રી ગ્રામ સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ - જનડાના સંયુક્ત ઉપક્રમે પાંચાળની ધન્ય ધરા અમરાપુર શૈક્ષણિક સંકુલ ખાતે શનિવારે રાત્રે શરદ રાસોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.શરદ રાસોત્સવમાં કોકીલ કંઠી લોકગાયિકા લલીતાબેન ઘોડાદરા,લોકગાયક ગગનભાઈ જેઠવા,ગુજરાતનું ગૌરવ મનિષાબેન પાઘડી તેમજ યુનુસ શેખ અને આર્ટીસ્ટો પોતાની આગવી કળાથી ગરબા ગાઈ સમગ્ર પાંચાળવાસીઓને

ડોલાવશે

ઉલ્લેખનીય છે કે શરદ પૂર્ણિમાનું મહત્વ આપણા ગુજરાતમાં ખૂબ જ છે. ખાસ કરીને પાંચાળવાસીઓ મન મૂકીને હિલોળે ચડે છે.શરદ પૂનમના દિવસે ચંદ્ર પોતાની સોળે કળા સાથે ધરતી પર અમૃતત્વ વરસાવે છે,સૂર્ય અને ચંદ્રના કિરણો પૃથ્વી પર દરેક જીવ, વનસ્પતિ,જળ,આબોહવા પર્યાવરણ પર ખૂબ જ અસર કરતાં હોય છે.ધાર્મીક દ્રષ્ટિએ શરદ પૂર્ણિમાના દિવસે દૂધ પૌઆના પ્રસાદનું મહત્વ અનેરૂ હોય છે.જેનું દિવ્ય અને ધાર્મીક મહત્વ સમજી કુંવરજીભાઈ એમ.

બાવળિયાએ પૂર્ણિમાની ચંદ્રની શીતળ-તાની રાતે રાસ ગરબા સાથે દૂધ સાકરની મીઠાશ ભેળવી દૂધ પૌઆનાં પ્રસાદનું આયોજન કરેલ છે. ભવ્ય રાસોત્સવમાં સામાજિક સમરસતાના દર્શન થશે ખેલૈયાઓ પોતાના પારંપારિક પોશાકમાં વેશભૂષા ધારણ કરી પાંચાળ પ્રદેશની લોક સંસ્કૃતિ અને અસ્મિતાની ઓળખ સમાન વિશ્વ વિખ્યાત રાસ ગરબા રજૂ કરશે અને માનવ મહેરામણ મોટી સંખ્યામાં ઉમટી પડશે તેમ અંતમાં પાંચાળ વિકાસ બોર્ડ પ્રમુખ વિનોદભાઈ વાલાણીની યાદીમાં જણાવ્યું હતું.

રાજકોટ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૮

જિલ્લાના કોઈ પણ વ્યક્તિના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ થાય તે હેતુથી જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આજરોજ કલેકટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ૧૨ જેટલા અરજદારો દ્વારા જમીન માપણી, લેન્ડ ગ્રેબિન્ગ, નળ કનેકશન, કુટુંબ પેન્શન વગેરે જેવા વિવિધ પ્રશ્ને રજુઆત કરાઈ હતી. કલેક્ટરએ જિલ્લાના નાગરિકોની અરજીઓને ધ્યાનપૂર્વક સાંભળીને અરજદારોની સમસ્યાનો સમયમર્યાદામાં નિરાકરણ લાવવા માટે સંબંધિત વિભાગને સૂચના આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે,સ્વાગત કાર્યક્રમ થકી પ્રજાના પ્રશ્નોનું સ્વાગત કરી સત્વરે નિવારણ લાવી લોકાભિમુખ અભિગમ સાથે રાજ્ય સરકાર દ્વારા પ્રજાલક્ષી ઝડપી ત્વરિત અને પારદર્શક સેવા પૂરી પાડવા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ એક દીવાદાંડી રૂપ બનીને ઉભરી આવ્યો છે.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, નિવાસી અધિક કલેકટર એસ.જે.ખાચર, પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ, ઝોન ૧ શહેરના પોલીસ અધિકારી સઙ્કનસિંહ પરમાર, રજીસ્ટ્રાર, પ્રાંત અધિકારીઓ, મહાનગરપાલિકા, દફતર ભવન, પોલિસ વિભાગ, તાલુકા વિકાસ અધિકારીઓ, મામલતદારો, ચીફ ઓફિસરો તથા અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ આર્થિક જરૂરિયાતમંદ બહેનોને સિલાઈ મશીન અર્પણ કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૮

સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ઈન્સ્ટિટયુટ ઓફ ગાર્મેન્ટ મેકીંગના ઉપક્રમે શિવણકલાની તાલીમ લઈ આર્થિક રીતે પગભર થવા ઈચ્છુક બહેનોને સિલાઈ મશીન અર્પણ કરવાનો કાર્યક્રમ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી હરેશભાઈ સોનીના અતિથિવિશેષ પદે તા. ૨૫-૧૦ બુધવારે સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્રમાં યોજવામાં આવેલ.

કાર્યક્રમમાં વિવિધ સાત દાતાઓના આર્થિક યોગદાનથી સાત બહેનોને ઉચ્ચ ગુણવત્તાના અને ઈલેકટ્રીક મોટર સાથેના સિલાઈ મશીન અતિથિવિશેષ અને દાતાઓના હસ્તે અર્પણ કરવામાં આવેલ. લાભાર્થી બહેનોએ સંસ્થાના સંસ્થાપકો ઉષાબહેન જાની અને ગુલાબભાઈ જાનીનો તેમજ દાતાઓનો સિલાઈ મશીન ભેટ આપવા બદલ આભાર વ્યક્ત કરેલ.તેમ જણાવ્યું છે.

પડધરી ખાતે યોજાયેલ દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પ

રાજકોટ જિલ્લાના પ્રથમ કેમ્પમાં સ્થળ પર જ દિવ્યાંગતા તપાસી સર્ટિફિકેટ કાઢી અપાયા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૮

રાજકોટ જિલ્લાના પડધરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે, જિલ્લાના પ્રથમ એવા દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શનમાં, એલિમ્કો કંપનીના સહયોગથી આયોજિત આ કેમ્પમાં દિવ્યાંગજનોને સ્થળ પર જ દિવ્યાંગતા સર્ટિફિકેટ રીન્યુ, નવા સર્ટિફિકેટ કાઢી આપવા, તેમજ દિવ્યાંગોને જરૂરી સાધન સહાયની યાદી તૈયાર કરવા સહિતની કામગીરી કરવામાં આવી હતી. રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી દેવાહુતિએ આ કેમ્પમાં વિવિધ વ્યવસ્થાઓ તપાસી હતી તેમજ દિવ્યાંગજનોને કોઈ તકલીફ ન પડે તે જોવા ખાસ તાકીદ કરી હતી. આ સાથે તેમના હસ્તે દિવ્યાંગોને સર્ટિફિકેટ પણ

અપાયા હતા.

સમગ્ર તાલુકામાંથી આશરે ૨૦૦થી વધુ દિવ્યાંગજનોએ આ કેમ્પનો લાભ લીધો હતો. બહારગામ કે ગામડે રહેતા દિવ્યાંગજનોને કેમ્પ સુધી લાવવા માટે વાહનની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી હતી.કેમ્પમાં હાડકાના નિષ્ણાત ડોકટર, આંખ તેમજ કાન, નાક, ગળાના વિશેષજ્ઞ ડોકટર, સાઈકીયાટ્રી તેમજ સાયકોલોજીસ્ટ વગેરે દ્વારા દિવ્યાંગતાનું પ્રમાણ તપાસીને સ્થળ પર જ પ્રમાણિત કરી સર્ટિફિકેટ પણ તત્કાળ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ઉપરાંત આયુષ્માન કાર્ડ, આધાર કાર્ડ, આવકનો દાખલો, યુ.ડી.આઈ.ડી. કાર્ડ, સમાજ કલ્યાણ વિભાગના પાસ તેમજ અન્ય ખૂટતા પ્રમાણપત્રો સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવાઈ હતી.દિવ્યાંગજનોની નોંધણીથી લઈને જરૂરી સર્ટિફિકેટ આપવા માટે વિવિધ કાઉન્ટરની વ્યવસ્થા કરાઈ હતી. સામૂહિક આરોગ્ય કેન્દ્રના ૪૫ તથા તાલુકા આરોગ્ય કચેરીના ૩૦ કર્મચારીઓએ આ વ્યવસ્થા સાંભળી હતી. આ કેમ્પમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો. વૈભવ ગોરિયા, સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો. જુહી સોનાગરા, મેડિકલ ઓફિસર ડો. વિશાખા ચાવડા તેમજ ડો. પ્રશાંત ઠાકર સહિતના સ્ટાફે કેમ્પની વિવિધ વ્યવસ્થાઓ માટે જહેમત ઉઠાવી હતી. મામલતદાર કચેરીના કર્મચારીઓ તલાટી કમ મંત્રીશ્રીઓ તથા તાલુકા પંચાયતના કર્મચારીઓ પંચાયતના કર્મચારીઓ દ્વારા આનુસંગિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતી ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

-:શુભેચ્છકઃ-
શ્રી પ્રકાશભાઈ જૈન

તંત્રી લેખ

કંજૂસાઈ નહીં પણ 'કરકસર છે આધુનિક વિચારધારા...

જેમ જેમ જીવનમાં પ્રગતિ કરીએ છીએ, સમૃદ્ધિ તરફ જઈએ છે તેમ તેમ આનંદ વધે છે. પરંતુ, વૈભવ સાથે એક ચીજ ચાલી જાય છે તે છે અનુકુળ સમય. સતત પ્રગતિ કરતા આ દેશમાં તમારી પાસે બધું જ હશે, પરંતુ હવે તમારે જે સાચવવાનું છે તે છે સમય. વર્ષો પહેલાં જયારે દેશમાં આટલી સમૃદ્ધિ ન હતી, ત્યારે લોકો ચીજ વસ્તુઓ શોધવા નીકળતાં, સમય પસાર કરવા એકબીજાને મળવા જતાં. દૂર દૂર ફરવા જતાં, એકબીજાને ટપાલ લખતાં અને સમાચાર પત્રો વાંચીને નવી માહિતી મેળવતાં. તે સમયે જીવન બિલકુલ સામાન્ય હતું, કોઈ સાધન કે વ્યવસ્થા આટલી બધી જોવા મળતી ન હતી. અને મનુષ્ય પાસે સામાજિક જીવન માટે અનુકુળ સમય પણ રહેતો હતો. અમદાવાદથી ડીસા જવામાં લગભગ સાંજ પડી જતી, સાધનો પણ જલદી મળતાં નહીં. જયારે જઈને બપોરે પાછા આવીએ તેવી મોંઘી ગાડીઓની સગવડ સહજ થઇ ગઈ છે.એકસામટાં મોકલાતાં ગુડ મોર્નિંગના મેસેજ અને બિનજરૂરી વીડિયો તમારા કુમળા મન અને બુદ્ધિને અમર્યાદિત નુકસાન આપે છે. એક ખરાબ મેસેજ તમારા જીવનની લગભગ (એવરેજ)૭ મિનીટ બગાડી શકે છે.તમને સારી રીતે કાર્ય કરવા માટે એક કાર્ય પર '૪૦ સેકન્ડ સમય આપ્યાં પછી જ તે કાર્યને તમારું મગજ સારી રીતે સમજવા લાગે છે. માટેબિનજરૂરી મેસેજીસ તમને કેટલું નુકસાન આપી રહ્યા છે, તે તમે પોતે જ સમજી શકશો. સમય બચાવવા માટે તમારે જીવનમાં, સરળતા લાવવી પડશે અને તર્કપૂર્ણ રીતે જીવન પ્રણાલીને સુધારવી પડશે, નહીતર ચીજોનો ભંગાર અને બિનજરૂરી માહિતીથી તમારું જીવન ઝડપથી ચાલ્યું જશે તે પણ સત્ય છે. કંજૂસાઈ નહીં પણ 'કરકસર સાથે જીવવું પડશે, કરકસર જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે. જોઈતી ચીજોને પણ ના રાખવી કે ના ખરીદવી કંજુસાઈ છે પણ જે જોઈએ છે માત્ર તેને જ રાખવું એ કરકસર છે. કરકસર માં- બાપ કે ગુરુજનો સિવાય કોઈ શીખવાડતું નથી. કરકસર માટે મન કેળવવું પડે છે, તેનો સીધો ફાયદો 'નાણાં અને શક્તિનો બચાવ છે. મને લાગે છે કે હવે તમને કરકસર જરૂર ગમશે.એવી ચીજોનું લીસ્ટ બનાવો કે જે છેલ્લા ઘણા સમયથી નથી વપરાઈ, આ ચીજોની જો તમારે જરૂર ના હોય તો તે ચીજો જેણે ઉપયોગી થાય તેને આપી દો. એકવાર આ રીતે કરવાથી તમને જરૂરથી ઘરમાં નવી ઊર્જાનો અનુભવ થશે અનેજેણે આપશો તે પણ ખુશ થશે.આનું સૌથી સારું ઉદાહરણ કાંડા ઘડિયાળ છે, મેં જોયું છે કે લોકોના કબાટમાં ઘડિયાળોનો ખડકલો થઈ ચુક્યો છે. આપણને એક સમયે એક જ ઘડિયાળથી સમય જોવા મળી શકે. એક જ પરંતુ સૌથી સારી ક્વોલીટીની ઘડિયાળ વાપરીને પણ તમે જીવન આસાન બનાવી શકો છો. એક થી વધુ ટુ-વ્હીલર્સ અને એકથી વધુ મોબાઈલ ફોન્સ બિનજરૂરી સમય અને શક્તિનું ઉદાહરણ છે. એક પણ સૌથી અનુકુળ સાધન રાખો.

મહાનગરપાલિકાના કર્મચારી અશોકભાઇ જાદવનો આજે જન્મદિવસ



રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકાની સેનિટેશન સમિતિના ચેરમેનની ચેમ્બર ખાતે ફરજ બજાવતા કર્મચારી અશોકભાઈ જાદવનો આજે જન્મદિવસ છે. તેઓ સફળ જીવનના ૫૫ વર્ષ પૂર્ણ કરી ૬૬માં પ્રવેશ કરી કહ્યા છે.આજે તેમના જન્મદિવસ નિમિતે તેમના પરિવાર તથા સહ કર્મચારી મિત્રો તરફથી ૯૦૩૩૨૯૬૨૪૪ સતત શુભેચ્છાના સંદેશાઓ મળી રહ્યા છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની કામગીરીમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની બાજ નજર

જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકનારા વધુ ૩૫ દંડાયા

જાહેર સ્વચ્છતા ઉપર સતત નિરીક્ષણ કરી જાહેરમાં ગંદકી કરનાર લોકો સામે કડક પગલાં લેવામાં આવશેઃ મ્યુનિ. કમિશનર

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૮

શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવા, સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટથી કચરો ઝડપી દુર કરવાનું, પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા તેમજ જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને કેમેરામાં ઝડપી લઇ દંડ વસુલાત અને જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને ઈ-ચલણ દ્વારા દંડની કામગીરી હાથ ધરવામાં આવે છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની કામગીરીમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની બાજ નજર રાખવામાં આવે છે જેમાં તા.૧૬/૧૦થી તા.૨૨/૧૦ દરમ્યાન ૩૫ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકવા બદલ ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કુલ ૧૧૫૨ સફાઈ કામદારોનું સફાઈની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું.

મ્યુનિ. કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે,મહાનગરપાલિકાના સ્માર્ટ સિટી પ્રોજેકટ હેઠળના સીસીટીવી સર્વેલન્સ નેટવર્કના ૯૫૦થી વધુ કેમેરાની મદદથી શહેરની જાહેર સ્વચ્છતા ઉપર ICCC (ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) મારફત સતત નિરીક્ષણ કરી જાહેરમાં ગંદકી કરનાર લોકો સામે કડક પગલાં લેવામાં આવશે.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા તા.૧૬/૧૦ થી તા.૨૨/૧૦ દરમ્યાન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ૭૯ સ્થળ ખાતે સ્વચ્છતા બાબતે નિરીક્ષણ કરી જે-તે વિસ્તારના સેનીટરી ઇન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તથા ૩૫ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા પકડી તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ હતો. આ ઉપરાંત ૧૧૫૨ સફાઈ કામદારોનું સફાઈની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ હતું જેમાં ૪ (ચાર) સફાઈ કામદારો જાહેરમાં કચરો ફેકતા તેમજ સળગાવતા પકડાયા હતા જેમની પાસેથી કુલ રૂ.૮૦૦/- દંડ વસુલવામાં આવેલ હતો. આ ઉપરાંત જાહેરમાં કચરો ફેકતા ૨ આસામીઓ પાસેથી રૂ. ૫૦૦/- તેમજ જાહેરમાં કચરો સળગાવતા ૨ આસામીઓ પાસેથી રૂ. ૫૦૦/- સ્થળ દંડ વસુલવામાં આવેલ હતો. આમ સોલીડ વેસ્ટ શાખાની કામગીરી મારફત કુલ રૂપિયા ૩૪૫૦નો દંડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર મારફત કરેલ હતો.

ઉપરોકત કામગીરી મ્યુનિ. મ્યુનિસીપલ કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનરની સુચના અન્વયે કંટ્રોલ સેન્ટરનાં નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

દિવ્ય ભાસ્કર અને સરગમ કલબનાં ઉપક્રમે કાલે ભવ્ય લોકડાયરો

શાહબુદ્દીન રાઠોડ, માયાભાઈ આહિર, દેવાયત ખવડ અને અલ્પાબેન પટેલ જેવા લોકસાહિત્યકારો જમાવટ કરશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૮

દિવ્ય ભાસ્કર અને સરગમ કલબના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯ને રવિવારે સાંજે ૭/૩૦ વાગ્યે ડી.એચ. કોલેજ (યાજ્ઞિક રોડ) ગ્રાઉન્ડમાં ભવ્ય લોકડાયરો યોજાશે. જાહેર જનતા માટે યોજાયેલા આ લોકડાયરા અંગે વિગતો આપતા દિવ્ય ભાસ્કરના હિરેન ભટ્ટ અને સરગમ કલબના ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે કે, આ લોકડાયરામાં શાહબુદ્દીન રાઠોડ, માયાભાઈ આહિર, દેવાયત ખવડ અને અલ્પાબેન પટેલ જેવા લોકસાહિત્યકારો ઉપસ્થિત રહેશે અને લોકકલા રજુ કરશે. વધુમાં જણાવાયું છે કે, આ લોકડાયરો જાહેર જનતા માટે વિનામૂલ્યે રાખવામાં આવ્યો છે.સામાન્ય રીતે આવા કલાકારોના ટીકીટ શો થતા હોય છે પણ એક અખબાર અને એક સામાજિક સંસ્થાએ રાજકોટ-સૌરાષ્ટ્ર પ્રત્યેની પોતાની સામાજિક જવાબદારી સમજીને આ કાર્યક્રમ જાહેર જનતા માટે વિનામૂલ્યે યોજ્યો છે.

આ લોક કલાકારોને રૂબરૂ સાંભળવા પણ એક લ્હાવો છે અને તેઓ પોતાની આગવી છટામાં સૌરાષ્ટ્રની સંસ્કૃતિ રજુ કરશે.આ કાર્યક્રમને માણવા માટે અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહેવાના છે. આ યાદીના અંતમાં રાજકોટવાસીઓને મોટી સંખ્યામાં ઉમટી પાડવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સ્વચ્છતા હી સેવા અભિયાન

શહેરના ૧૦૯ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કરી ૨૪.૮ ટન કચરાનો નિકાલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૮

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે આજે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનના ૧૦૯ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કામગીરી કરી ૨૪.૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

ન્યુસન્સ પોઈન્ટ સહીત શહેરના તમામ મુખ્ય માર્ગો પર સઘન સફાઈ કામગીરી કરવામાં આવે છે અને દરેક મુખ્ય માર્ગ પર નિમણુંક કરેલ પ્રભારી ઓફિસર દ્વારા સફાઈ કામગીરીનું સુપરવીઝન કરવામાં આવે છે.

ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનરની સુચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જાંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઇ. તથા એસ.એસ.આઇ. દ્વારા પ્રતિંબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો પ્રારંભ

નવા મતદારોને મતદાર યાદીમાં નામ નોંધાવવા અનુરોધ કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

તા.૯ ડિસેમ્બર સુધી મતદાર યાદીમાં નામ દાખલ,જરૂરી સુધારા કરી શકાશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૮

રાજકોટ(પૂર્વ) વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડની એક યાદીમાં જણાવાયું છે કે કોઈપણ ચૂંટણીમાં પ્રત્યેક મત કિંમતી છે અને તેનું મૂલ્ય લોકશાહીમાં હંમેશા ઉંચુ રહયું છે, દેશના દરેક વ્યકિતનો મત દેશના ભવિષ્યનો પાયો નાંખે છે અને તેથી જ દરેક વ્યકિતનો મત રાષ્ટ્રનિર્માણમાં ભાગીદાર બને છે ત્યારે આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો તા.૨૭ ઓકટોબરથી પ્રારંભ થયેલ છે, જે તા.૯ ડીસેમ્બર સુધી ચાલશે. ત્યારે આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં મતદાર યાદીમાં નામ, સરનામા સુધારવા ઉપરાંત ૧૮ વર્ષ પુરા થયા હોય તેવા યુવા મતદારોને મતાધિકાર મળે તે હેતુથી ફોર્મ નં.૬ ભરી નામ નોંધાવવાની પણ કામગીરી હાથ ધરવામાં આવશે.

આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત રાજકોટમાં ખાસ ઝુંબેશ દિવસ તરીકે તા.૪ અને ૫ નવેમ્બર અને તા.૨૩ ડિસેમ્બર નકકી કરવામાં આવી છે. ઉપરોક્ત દિવસો દરમ્યાન મતદારો પોતાના નામમાં ભૂલ સુધારવા તેમજ નામ-સરનામા ફેરફાર કે નવા નામ નોંધાવવા ફોર્મ નંબર ૬ ભરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. વિદેશમાં વસતા ભારતીય નાગરિકનો સમાવેશ કરવા માટે ફોર્મ નંબર ૬-એ, મતદાર ઓળખકાર્ડ સાથે આધાર લીંક કરાવવા ફોર્મ નંબર ૬-બી. મતદાર યાદીમાંથી નામ કમી કરવા માટે ફોર્મ નં.૭, મતદાર યાદીમાં સરનામુ-વિગતો બદલવા માટે ફોર્મ નંબર-૮ ભરવા ચૂંટણી શાખા દ્વારા જણાવવામાં આવેલ છે ત્યારે મતદાર યાદી સુધારણા માટેના જરૂરી ફોર્મ ભરી પરત આપવાની કામગીરી કલેકટર કચેરી તેમજ મતદાર નોંધણી અધિકારીની કચેરી, મતદાન મથક ઉપર પણ થઈ શકશે. આ ઉપરાંત ૧૯૫૦ હેલ્પલાઈન નંબર ઉપર પણ મતદાર સંપર્ક કરી શકશે. ત્યારે ઉપરોક્ત તમામ કામ માટે ફોર્મ જે તે વિસ્તારના બી.એલ.ઓ.નો સંપર્ક કરવાથી મળી રહેશે. ત્યારે મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત આ તારીખોમાં ખાસ ઝુંબેશના દિવસો નકકી કરવામાં આવતા હોય છે આ દિવસોમાં જે-તે વિસ્તારના બીએલઓ બુથ પર બેસી મતદારયાદીના ફોર્મ સ્વીકારે છે. અને આ ફોર્મ સાથે જોડવાના ડોક્યુમેન્ટની માહિતી બીએલઓ પાસેથી મળી રહે છે.ત્યારે મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં યુવા મતદારોને નવું નામ દાખલ કરવા, જરૂરી સુધારા કરાવવા સહિતનો લાભ લેવા અનુરોધ કરતા અંતમાં રાજકોટ(પૂર્વ) વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું કે પ્રત્યેક જાગૃત મતદાતા લોકતંત્રનો ભાગ્યવિધાતા હોય છે ત્યારે પ્રત્યેક નાગરિકોએ પોતાના કિંમતી મતનો ઉપયોગ કરી,યુવા મતદાતાઓએ મતદાર યાદીમાં નામ નોંધાવીને લોકશાહીને વધુ મજબૂત બનાવવી જોઈએ.તેમ અંતમાં જણાવેલ હતું.

નવો ભારત ન્યાય સંહિતા ખરડો સંસદના શિયાળુ સત્રમાં રજુ કરાશે

સંસદીય સમીતીનો રિપોર્ટ આખરી તબકકામાંઃ સરકાર ખરડો મંજુર કરાવવા આશાવાદી

નવી દિલ્હી.તા.૨૮

કેન્દ્રની મોદી સરકારે હવે ભારતીય પીનલ કોડ (આઈપીસી)ના સ્થાને નવો ભારત ન્યાય સંહિતા- બિલ તૈયાર કર્યુ છે અને તેમાં અંગ્રેજોના સમયથી ચાલ્યા આવતા નામ જ નહી પણ અનેક કાનુની જોગવાઈ પણ બદલી છે તે સંસદના શિયાળુ સત્રમાં મંજુર કરાવી લેવાશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આ સંકેત આપતા કહ્યું કે નવા ભારત ન્યાય સંહિતા પર હાલ સંસદીય સમીતી વિચારણા કરી રહી છે અને ટુંક સમયમાં જ અહેવાલ સુપ્રત કરી દેવાશે. સરકાર તેને ખરડાનું સ્વરૂપ આપીને શિયાળુ સત્રમાં તે મંજુર કરાવવા આશાવાદી છે. આ ખરડાને લઈને મોટાભાગે સહસહમતી છે. હાલના ઈન્ડીયન પીનલ કોડ, ઈન્ડીયન એવીડન્સ એકટ તથા ક્રીમીનલ પ્રોસીજર કોડનું આસન આ ભારતીય ન્યાય સંહિતા લેશે.જેનાથી કાનુન પર અંગ્રેજ પડછાયો પણ હવે રહેશે નહી. જો કે સરકારે જુના કાનૂનમાં દેશદ્રોહ જેવા સુપ્રીમની એરણે રહેલા કાનૂનને રદ કરવાની જાહેરાત કરી છે પણ તેના સ્થાને નવા કાનુનમાં શું જોગવાઈ છે તે અંગે કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી અને માનવામાં આવે છે કે રાજદ્રોહની વ્યાખ્યા બદલીને તેને રજુ કરશે.

ડેબિટ કાર્ડ નહીં, પેમેન્ટ માટે પબ્લિકની પહેલી પસંદ બન્યું યુપીઆઇ

લેવડ-દેવડમાં ડેબિટ કાર્ડના ઉપયોગમાં અડધાથી વધુ ઘટાડો

નવી દિલ્હી, તા.૨૭ : યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ)એ લેવડ-દેવડને સરળ બનાવી દીધી છે. રિપોર્ટ મુજબ આ સ્ટોર શોપીંગ અને પીયર-ટુ-પીયર લેવડ-દેવડ બન્ને માટે યુપીઆઇ પસંદગીના પેમેન્ટ મોડ તરીકે ઝડપથી ઉભી રહ્યું છે. જે ડેબિટ કાર્ડન સેકન્ડરી રોલમાં લઇ જઇ રહ્યું છે.

ઇ-કોમર્સ પર ઓનલાઇન ખરીદીની વાત કરીએ તો યુપીઆઇએ ડેબિટ કાર્ડથી પેમેન્ટના ઘટાડાને વધારી દીધું છે. ભારતીય રીઝર્વ બેન્કના આંકડાથી ખ્યાલ આવે છે કે ઇ-કોમર્સ વેબસાઇટ માટે ડેબિટ કાર્ડનો ઉપયોગ સપ્ટેમ્બરમાં અડધાથી ઘટીને ૫૧ મીલીયન પેમેન્ટ થઇ ગયો છે. ગત વર્ષે એપ્રિલમાં લેવડ-દેવડની સંખ્યા ૧૧૭ મિલિયન હતી.

ડેબિટ કાર્ડથી પેમેન્ટ કરવામાં આવેલ રકમ એપ્રિલ ૨૦૨૨માં ૨૧૦૦૦ કરોડ રુપિયા ૨૩ ટકા ઘટીને આ વર્ષે સપ્ટેમ્બરમાં ૧૬,૧૨૭ કરોડ રુપિયા થઇ ગઇ છે. જ્યારે ખાસ કરીને વેપારીઓ દ્વારા કરવામાં આવેલ યુપીઆઇ પેમેન્ટ એપ્રિલ-૨૦૨૨માં ૨.૨ બિલિયનથી લગભગ ત્રણ ગણું વધીને સપ્ટેમ્બર-૨૦૨૩માં ૬.૧ બિલિયન થઇ ગયું હતું.

ક્રેડીટ કાર્ડથી લેવડ-દેવડમાં વધારો

ઇ-કોમર્સમાં ક્રેડીટ કાર્ડથી લેવડ-દેવડ આ વર્ષે સપ્ટેમ્બરમાં ૨૨ ટકા વધીને ૧૩.૧ કરોડ થઇ ગયું. જે ગત વર્ષ એપ્રિલમાં ૧૦.૭ કરોડ હતું. રકમની વાત કરીએ તો આ સમયગાળામાં તે ૬૫,૬૫૨ કરોડ રુપિયા વધીને ૯૨,૮૭૮ કરોડ રુપિયા સુધી પહોંચી છે.

તહેવારોમાં મોંઘવારી સામે સરકાર એકશનમાંઃ ઘઉં-ડુંગળીની સપ્લાય વધારશે

ટુંકાગાળામાં ડુંગળીમાં મોટા ભાવ વધારાથી 'ટમેટા ફોર્મ્યુલા' લાગુઃસરકારે સસ્તા ભાવે વેચાણ શરૂ કર્યુંઃ ઘઉંમાં સપ્લાય વધારવા ઓકશનમાં ૧૦૦ ને બદલે ૨૦૦ ટનની ખરીદીની છુટઃ સરકાર દર સપ્તાહે હવે ૩ લાખ ટન ઘઉં વેચશે

નવી દિલ્હી તા.૨૮ :

તહેવારોમાં ઘઉં, ડૂંગળી સહીતની ખાદ્યચીજોના ઉંચા ભાવ સામે કેન્દ્ર સરકાર એકશનમાં આવી છે. ભાવ નીચા લાવવાના ઉદેશ સાથે નિયમોમાં છુટછાટ આપવામાં આવી છે. ઘઉંમાં અસામાન્ય તેજી હોવાના શ્રેણીબદ્ધ પગલા છતાં ભાવ પ્રમાણમાં ઉંચા જ રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકારે ખુલ્લા બજારમાં મુકાતા ઘઉંની ખરીદીના નિયમો હળવા કર્યા છે. ઈ-એકશનમાં મીલો-જથ્થાબંધ વેપારીઓ ૧૦૦ ટન સુધીની જ કરી શકતા હતા

તે મર્યાદા વધારીને ૨૦૦ ટન કરવામાં આવી છે. આ પગલાથી સપ્લાય વધવા સાથે ભાવ વધારો રોકવાનો સરકારનો ઉદેશ છે આ સિવાય હવે દરેક ઈ-ઓકશનમાં બે લાખને બદલે ત્રણ લાખ ટન ઘઉંનુ વેચાણ કરવામાં આવશે. ઘઉંના ભાવોને કાબુમાં રાખવા ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા ગત ૨૮ મી જુનથી દર અઠવાડીયે બફર સ્ટોકમાંથી ઘઉં વેચી રહી છે. હવે દર સપ્તાહે બેને બદલે ત્રણ લાખ ટનનું વેચાણ કરવામાં આવશે. સપ્લાય વધારવાની સાથોસાથ સંભવીત સંઘરાખોરી રોકવા પણ કદમ ઉડાવવામા આવ્યા છે. સ્ટોક માટે જરૂરી સુવિધા કે પ્રકિયામાં સામેલ નહિં થતા વેપારીઓને હરરાજીમાં સામેલ થવા દેવામાં નહી આવે

ફૂડ કોર્પોરેશન દ્વારા અત્યાર સુધીમાં ૨૭.૫૦ લાખ ટન ઘઉંનું વેચાણ કરવામાં આવ્યુ હોવાનું ઉલ્લેખનીય છે. વર્ષના અંત સુધીમાં ૫૦ લાખ ટન ઘઉ વેચવાનો લક્ષ્યાંક છે. એફસીઆઈ પાસે ૨૨૪ લાખ ટન ઘઉંનો બફર સ્ટોક હતો. બીજી તરફ હવે ડુંગળીનાં ભાવોમાં પણ ઝડપી ઉછાળાને ધ્યાને રાખીને પણ કેન્દ્ર સરકારે ટમેટા ફોર્મ્યુલા લાગુ પાડવાનો નિર્ણય લીધો છે. સામાન્ય લોકોને સસ્તા ભાવે ડુંગળી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ડુંગળીના ભાવમાં ટુંકા ગાળામાં જ મોટો વધારો થયો છે અને બે થી ત્રણ ગણા થઈ ગયા છે. સરકારી રેકોર્ડ પ્રમાણે પ્રતિ કિલો કિંમત રૂ.૪૭ ની થઈ છે

આ સંજોગોને ધ્યાને રાખીને કેન્દ્ર સરકારે બફર સ્ટોકમાંથી રાહતભાવે ડૂંગળીનું વેચાણ કરવાનો નિર્ણય લીધો છે અને રૂ.૨૫ ના ભાવે વેચાણ શરૂ કરાયુ છે. ગ્રાહક બાબતોનાં મંત્રાલયનાં સચીવ રોહીતકુમારસિંહે કહ્યું કે ઓગસ્ટ માસથી જ બફર સ્ટોકમાંથી ડુંગળીનું વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું છે. મોટો ભાવ વધારો ધરાવતાં રાજયોમાં બફર સ્ટોકમાંથી ડૂંગળી મોકલવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૨૦ રાજયોમાં ૧.૭ લાખ ટન ડૂંગળી મોકલવામાં આવી છે.ખરીદ વાવેતરમાં વિલંબને કારણે નવો પાક મોડો થાય તેમ હોવાથી ડુંગળીના ભાવ વધ્યા છે.

ગુજરાતી અખબારોમાં શિરમોર એવા સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર ને શ્રી ગિરિરાજ હોસ્પિટલ - રાજકોટ ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

લાખો વાંચકોનો વિશાળ પરિવાર ધરાવતા સૌરાષ્ટ્ર ક્રાંતી અખબાર ઉતરોત્તર પ્રગતિના પંથે આગળ વધતુ રહે એવી શુભકામના...

બધી જ સુપર સ્પેશ્યાલિટી કેર માં સૌરાષ્ટ્રની પ્રથમ હરોળની હોસ્પિટલ

શ્રી નિમિત નવજીવનમાં... ®
ગિરિરાજ હોસ્પિટલ
"શ્રી ગિરિરાજ લાઈફ કેર પ્રાઈવેટ લિમીટેડ" સંલગ્ન

શ્રી ગિરિરાજ હોસ્પિટલ
રાજકોટ યુનીટ :૨૭-નવજ્યોત પાર્ક,૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
એપોઇન્ટમેન્ટ : ૦૨૮૧ ૭૧૫૧૨૦૦
ઈમરજન્સી હેલ્પલાઇન : +૯૧ ૯૯૦૯૯ ૭૧૧૩૦
info@shreegirirajhospital.com | shreegirirajhospital.com | www.shreegirirajhospital.com

ચુંવાળીયા કોળી સમાજ કન્યા છાત્રાલયના લાભાર્થે

ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ દ્વારા આયોજીત બાય બાય નવરાત્રી સ્પંદન રાસોત્સવ

કાલે વિરાણી હાઈસ્કૂલ ખાતે દાંડીયારાસનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેર ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ દ્વારા આયોજીત બાય બાય નવરાત્રી સ્પંદન રાસોત્સવ-૨૦૨૩ નુ ટાગોર રોડ, વિરાણી હાઈસ્કુલ, રાજકોટ ખાતે તા.૨૯/૧૦ ને રવિવાર સાંજના ૭ થી ૧૦:૩૦ દરમ્યાન રાખવામાં આવેલ છે.

છેલ્લા ૧૦ વર્ષથી સમસ્ત કોળી સમાજ માટે સમાજના યુવાન ભાઈઓ દ્વારા ખુબજ સફળ અને સુંદર સ્પંદન રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ જેની સફળતા બાદ આ વર્ષે ૧૧ માં વર્ષમાં પ્રવેશ કરી ફરીથી સમાજના ભાઈઓ બહેનો માટે એક દિવસીય દાંડીયારાસનું આયોજન કરવામાં આવેલ છે.

આ વર્ષે ખાસ આ આયોજન ચુંવાળીયા કોળી સમાજની દિકરીઓ માટે કન્યા છાત્રાલયનુ આયોજન થતુ હોય તેના લાભાર્થે આ વર્ષે આ ડાંડીયા રાસનુ આયોજન કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમમાં જે કાંઈ સહયોગ મળશે તે તમામ રકમ કન્યા છાત્રાલય ના લાભાર્થે ઉપયોગ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિધ્ધ લોકગાયક લલીતાબેન ઘોડાદ્રા તથા ગુજરાતી ફિલ્મ અભીનેત્રી મમતા સોની સુપસિધ્ધ ફિલ્મ ''સરપંચ'' ના પ્રમોશન માટે હાજર રહેશે અને ફિલ્મના તમામ કલાકારો પણ ખાસ ઉપસ્થીત રહેશે આ ફિલ્મ ચુંવાળીયા કોળી સમાજના આગેવાન દેવભાઈ કોરડીયા દ્વારા બનાવવામાં આવેલ છે.

રાજકોટ ખાતે ટાગોર રોડ, વિરાણી હાઈસ્કુલ, રાજકોટ ના વિશાળ પટાંગણમાં સુપ્રસિધ્ધ ગાયકો તથા બંસરી ઓરકેસ્ટ્રા સાથે

અધ્યતન સાઉન્ડ સીસ્ટીમ તથા પાંચ હજાર ખેલૈયાઓ રમી શકે તેવા વિશાળ ચાઉન્ડમાં રાસની રમઝટ બોલાવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત કોળી સમાજના ભાઈઓ બહેનોને પધારવા અમારૂ ભાવભર્યું આમંત્રણ છે. ગયા વર્ષે પણ સમસ્ત કોળી સમાજના ભાઈઓ બહેનો તથા કોળી સમાજના આગેવાનોએ સાથ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ જે બદલ આ કાર્યક્રમના આયોજકો આભારી છે.

આ કાર્યક્રમના મુખ્ય આયોજક હરેશભાઈ પરસોડા (એડવોકેટ) ભરતભાઈ પંચાસરા, દિપકભાઈ માનસુરીયા, આશિષભાઈ ડાભી, વિજયભાઈ મેથાણીયા, દેવાભાઈ કોરડીયા, ચેતનભાઈ મારસુણીયા, દેવાંગ કુકાવા, સુભાષ અઘોલા, રવિભાઈ રાતોજા, આનંદભાઈ ડાભી, નિલેશભાઈ ડેડાણીયા, ભરતભાઈ બાળોન્દ્રા તેમજ સ્પંદન રાસોત્સવ સમીતીના તમામ કાર્યકરભાઈઓ છેલ્લા ત્રણ માસથી સખત મહેનત કરી આયોજનને સફળ બનાવવાના અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં ખાસ મહેમાન તરીકે આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ કુંવરજીભાઈ બાવળીયા-પાણી પુરવઠા કે.મંત્રી, ગુજરાત રાજય, દેવજીભાઈ ફતેપરા-પુર્વ સાંસદ સુરેન્દ્રનગર, ડો. મહેન્દ્રભાઈ મુંજપરા-સાસંદ સુરેન્દ્રનગર, પરસોતમભાઈ સાબરીયા ધારાસભ્ય હળવદ ધ્રાંગધ્રા, ધર્મેશભાઈ જેજવાડીયા-પ્રમુખ ગુજરાત ચુંવાળીયા કોળી સમાજ, વિજયભાઈ રૂપાણી-પુર્વ મુખ્યમંત્રી, મોહનભાઈ કુંડારીયા-સાંસદ, ભાનુબેન બાબરીયા-કેબીનેટ મંત્રી દર્શીતાબેન શાહ-ધારાસભ્ય, રામભાઈ મોકરીયા-સાંસદ, રમેશભાઈ ટીલાળા-ધારાસભ્ય, ઉદયભાઈ કાનગડ-ધારાસભ્ય, મુકેશભાઈ દોશી-પ્રમુખ શહેર ભાજપ, નયનાબેન પેઢડીયા-મેયર, રાજકોટ, નરેન્દ્રસિંહ જાડેજા ડેપ્યુટી મેયર, જૈમીન ઠાકર-સ્ટેડીંગ કમીટી ચેરમેન, ભરતભાઈ ડાભી-કારોબારી ચેરમેન જિલ્લા પંચાયત, દિનેશભાઈ મકવાણા-કન્વીનર ગુજરાત ચુંવાળીયા કોળી, ચેતનભાઈ કથીરીયા-પ્રમુખ તાલુકા પંચાયત, પ્રણવ જોષી-કલેકટર ડો. હેમાંગ વસાવડા-પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ, ભરતસિંહ સોલંકી-પુર્વ કેન્દ્રીય મંત્રી, નાગદાનભાઈ ચાવડા-પુર્વ પ્રમુખ જિલ્લા ભાજપ, અમીતભાઈ ચાવડા-વિરોધપક્ષના નેતા, વિરજીભાઈ સત્તુરા-પુર્વ પ્રમુખ ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ ગુજરાત રાજય, બાબુભાઈ ઉઘરેજા-કોર્પોરેટર વોર્ડ નં.૩, નટુભાઈ કુંવરીયા ઉપપ્રમુખ ગુજરાત ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ-ગુજરાત, મનસુખભાઈ ધામેચા ઉપપ્રમુખ ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ ગુજરાત, મનુભાઈ આહુન્દ્રા પુર્વ પ્રમુખ ચુંવાળીયા કોળી, રાજકોટ, ગોરધનભાઈ જાખેલીયા-રવિ ઈન્ડસ્ટ્રીઝ, છોટુભાઈ પરસોંડા મહામંત્રી ચુંવાળીયા કોળી સમાજ ગુજરાત તેમજ રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર, મ્યુનિસીપલ કમિશ્નર તથા જિલ્લા ભાજપ, તાલુકા ભાજપ તથા કોંગ્રેસ પક્ષના રાજકીય આગેવાનો અને કોળી સમાજના આગેવાનો / મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તેમ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે આવેલા દેવાંગભાઈ કુકાવા, ભરતભાઈ પંચાસર, સુભાષભાઈ, ચેતનભાઈ મારસુણીયાએ જણાવ્યું છે.

શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા

કચરો વિણતા અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસતા બાળકો દ્વારા બનાવેલ ચીજવસ્તુઓનું પ્રદર્શન ખુલ્લુ મુકાયું

કાર્યક્રમનું ઉદઘાટન મેયર નયનાબેન પેઢડીયા, ભાજપ પ્રદેશ મંત્રી બીનાબેન આચાર્ય, દક્ષાબેન અઢીયા (નાથ સ્ટોલ), ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણી દ્વારા કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮: રાજકોટની જાણીતી શિક્ષણ, આરોગ્ય અને રોજગારલક્ષી વિવિધ પ્રવૃતિઓમાં અગ્રેસર સંસ્થા શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના ઉપક્રમે સમાજના છેવાડાના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસતા બાળકોના હસ્તે તૈયાર કરેલ વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં સ્ટ્રીટ ચિલ્ડ્રન પ્રોજેક્ટના કચરો વિણતા અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસતા બાળકો દ્વારા બનાવેલ દિવડાઓ, તોરણ, હસ્તકલા, સુશોભન જેવી ચીજોનું પ્રદર્શન અને વેચાણ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ સંસ્થા છેલ્લા ૨૮ વર્ષથી આ ક્ષેત્રમાં કાર્યરત છે. સંસ્થા દ્વારા બાળકોના ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે. જે અંતર્ગત સંસ્થા સ્ટ્રીટ ચિલ્ડ્રન પ્રોજેક્ટ દ્વારા અંદાજે ૨૦૦ જેટલા બાળકોને વોકેશનલ ટ્રેનિંગ આપીને તેમના જીવનમાં ઉજાસ લાવવા નિમિત બને છે. મેયર નયનાબેન પેઢાડીયા, ભાજપ પ્રદેશમંત્રી બીનાબેન આચાર્ય, દક્ષાબેન અઢીયા (નાથ સ્ટોલ), ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, પૂર્વ મેયર ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, મનિષભાઈ રડીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન નરેન્દ્રસિંહ ઠાકુર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શન કામ વેચાણમાં અનેક આઇટમો મૂકવામાં આવેલ છે. જેમાં સ્ટ્રીટ ચિલ્ડ્રન પ્રોજેક્ટના બાળકો દ્વારા તૈયાર કરાયેલ દીપાવલિ માટે અવનવા દિવડાઓ, ભરત ગૂંથણની આઇટમ, તોરણ, ફોટો ફ્રેમ, ગિફ્ટ આર્ટીકલ તેમજ અનેક સુશોભનની ચીજવસ્તુઓ પ્રદર્શનમાં મૂકવામાં આવેલ છે.

આ પ્રદર્શન કમ વેચાણ કાર્યક્રમમાં જે. ડી. ડાંગર, સેજલબેન, હર્ષિદાબેન, રીટાબેન, અલ્કાબેન કામદાર, મોહીનીકુવરબા જાડેજા, વંદનાબેન ભારદ્વાજ, ક્રિષ્નાબેન, ધારિણીબેન, કિન્નરીબેન, પાયલબેન સંચણિયા, જિગરભાઈ નાથ સ્ટોલ, પ્રિયાબેન અઢિયા, નિધિબેન માણેક, જીતુભાઈ કાટોડીયા, કાન્તાબેન કથીરિયા, ડો. વૈભવ હાપાલિયાની વિશેષ ઉપસ્થિતિ હતી. આયોજકો દ્વારા રાજકોટ વાસીઓને જિલ્લા પંચાયત ચોક, યાજ્ઞિક રોડ, ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ભાગ લઈ બાળકોના ઉત્સાહમાં વધારો કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

બાળકો દ્વારા બનાવાયેલ વસ્તુઓના પ્રદર્શન કામ વેચાણના આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીઓ અંજલિબેન રૂપાણી, મહેશભાઇ ભટ્ટ, અમીનેશભાઈ રૂપાણી તેમજ વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ, કો-ઓર્ડીનેટર સાગરભાઈ પાટિલ, કાર્યકર્તાઓ બીપીનભાઈ વસા, ગીતાબેન વસા, મુકેશભાઇ મહેતા, જયપ્રકાશભાઈ આચાર્ય, સરોજબેન આચાર્ય, ગીતાબેન તન્ના, મહેશભાઇ પરમાર, એન. જી. પરમાર, નિલેશભાઈ પરમાર, હરિશભાઈ શાહ, રાજુભાઇ શેઠ, જયસુખભાઈ ડાભી, હરેશભાઈ ચાંચિયા, કિશોરભાઈ ગમારા, જ્યોતિબેન લાખાણી, મિત્સુબેન વ્યાસ, અનુપભાઈ રાવલ, પરેશભાઈ હુંબલ, કે. બી. ગજેરા, કિશોરભાઈ ગાંગાણી, એકતાબેન ભટ્ટ, રવજીભાઈ દવેરા, જિજ્ઞેશભાઈ રત્નોતર તેમજ કર્મચારીઓ શિતલબા ઝાલા, પ્રીતિબેન મહેતા, શિલ્પાબેન કુમારખાણિયા, ધાનીબેન મકવાણા, મંજુલાબેન ભાલાળા, વર્ષાબેન મકવાણા, દિપકભાઈ જોશી, અનિલભાઈ ચાવડા વગેરેએ ભારે જહેમત ઉઠવેલ છે. વિશેષ માહિતી માટે ટ્રસ્ટના કાર્યાલય કિલ્લોલ, ૧-મયુરનગર, મહાનગરપાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ અથવા કો ઓર્ડીનેટર સાગરભાઈ પાટિલનો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

ભારતીય ચોમાસા પર કલાઈમેટ ચેન્જની અસર

દેશના ૨૦ ટકા ક્ષેત્રમાં દુષ્કાળ જેવી સ્થિતિ

જુન અને ઓગષ્ટમાં ખાધ પરંતુ સપ્ટેમ્બરમાં જે પુરાઈ ગઈઃ ચોમાસુ પરત જવામાં પણ ઘણો વિલંબ થયો

નવી દિલ્હી તા.૨૮ : દેશમાં બદલાયેલી ચોમાસુ પેટર્ન સૌના માટે ચિંતાજનક બની રહી છે અને આગામી સમયમાં ચોમાસુ કેવો ટર્ન લેશે તેના પર હવે નિષ્ણાંતો ખાસ ચર્ચા યોજી રહ્યા છે. ૨૦૨૩નું ચોમાસુ અનેક વળાંકોથી ભરપુર રહ્યું હતું અને દેશમાં ચોમાસુ અંત ઈવન એટલે કે એક સરખુ નહી તેવુ રહ્યું છે. તેના કારણે કૃષિ પાક સહિતની સ્થિતિ પર અસર થઈ શકે છે.

દેશનાં ૨૦ ટકા જેટલા ક્ષેત્રમાં દુષ્કાળ જેવી સ્થિતિ પણ બની રહી છે. ચોમાસુ આ વર્ષે ૧૯ ઓકટોબરના સતાવાર રીતે વિદાય લીધી જે એક સમયે સપ્ટેમ્બરના અંતથી વિદાય શરુ થતી હતી. આ જ રીતે દેશમાં સરેરાશ ૮૨૦ મીલીમીટર વરસાદ જૂનથી સપ્ટેમ્બર સુધીના ચાર માસના ગાળામાં રહ્યો જે ૨૦૨૨માં ૮૬૮.૬ મી.મી. હતો. આમ ૯૪.૪ ટકા વરસાદ લોંગ એવરેજ પીરીયડ મુજબ પડયો જે એક સમયે ૯૬થી૧૦૪ ટકા રહેતો હતો. જૂન અને ઓગષ્ટમાં ચોમાસુ ખાધ રહી. ઓગષ્ટમાં અત્યાર સુધીનો સૌથી ઓછો વરસાદ નોંધાયો પણ સપ્ટેમ્બરમાં તેમનું સાટુ વળી ગયું. ભારતીય હવામાન ખાતાના જણાવ્યા મુજબ આ વર્ષે ૯૬ ટકા વરસાદની ધારણા હતી તે લગભગ એક સમાન રહી છે પરંતુ અલગ અલગ વિસ્તારોમાં વરસાદી પેટર્ન અલગ અલગ જોવા મળી જે આગામી સમયમાં કલાઈમેટ ચેન્જનો પ્રભાવ હશે તેમ મનાય છે. દેશમાં બદલાયેલી ચોમાસુ પેટર્ન સૌના માટે ચિંતાજનક બની રહી છે અને આગામી સમયમાં ચોમાસુ કેવો ટર્ન લેશે તેના પર હવે નિષ્ણાંતો ખાસ ચર્ચા યોજી રહ્યા છે. ૨૦૨૩નું ચોમાસુ અનેક વળાંકોથી ભરપુર રહ્યું હતું અને દેશમાં ચોમાસુ અંત ઈવન એટલે કે એક સરખુ નહી તેવુ રહ્યું છે.

PACKAGINGHUB
प्रोडकट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

કાલે દેવભુમિ દ્વારકા ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનું ૨૭મું મહા અધિવેશન યોજાશે

'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે આવેલા સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના મીડિયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષી અને જયંતભાઈ ઠાકર તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના પ્રવકતા જયંતભાઈ ઠાકર અને મીડીયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષીની એ સૌરાષ્ટ્ર ક્રાંતીની મુલાકાતે આવેલા. તેઓએ જણાવાયું છે કે, સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ દેવભુમિ દ્વારકા જીલ્લાના પ્રમુખ વિજયભાઈ બુજડ, મહામંત્રી દિવ્યપ્રકાશ ઠાકર, પ્રમુખ વિપુલભાઈ જોષી, મહામંત્રી જીજ્ઞેશભાઈ ઠાકર, ટ્રસ્ટી વિજયભાઈ રાજયગુરૂ, સહમંત્રી ગીરધરભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ તા.૨૮ ઓકટોબર, રવીવારના રોજ દેવભુમિ દ્વારકાની પાવન ભુમિ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનું ૨૭મું મહા અધિવેશન યોજાશે. આ મહા અધિવેશનનું ઉદ્ઘાટન પ.પૂ. શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના શિષ્ય પુજારી બ્રહ્મચારી શ્રી નારાયણાનંદજીના હસ્તે કરવામાં આવશે.ત્યારે વધુમાં જયંતભાઈ ઠાકર અને હરેશભાઈ જોષીએ જણાવેલ કે બ્રહ્મસમાજના ઈષ્ટદેવ અને ઋષી સંસ્કૃતિના સંરક્ષક સૌના આરાધ્ય દેવ ભગવાનશ્રી પરશુરામજીની અસીમ

કૃપાથી ગુરૂશ્રી શંકરાચાર્યજીના આશિર્વાદથી 'બ્રહ્મ તેજો બલમ બલમ'ની દિવ્ય ચેતનાને જાગૃત કરવાના શ્રેષ્ઠ હેતુથી બ્રહ્મસમાજના સૌ ભાઈઓ-બહેનો, યુવાનોનું વિશાળ ફલક પર એકત્રીત થઈ 'સંઘે શકિત કલૌ યુગે' ના મહામંત્રને આત્મસાત કરી બ્રહ્મસમાજની એકતા અને અખંડિતતાને વધુમાં વધુ મજબૂત કરી સંગઠનના આ સેવાયજ્ઞમાં નિઃસ્વાર્થ ભાવે પૂરક બની એવા સત સંકલ્પ સાથે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનું આ ૨૭મું મહાઅધિવેશન યોજાઈ રહયું છે. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે પબુભા માણેક અને મહાઅધિવેશનના પ્રમુખ

તરીકે અલ્કેશભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહેશે, ત્યારે આ કાર્યક્રમની વધુ વિગત આપતા સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહમસમાજ દેવભુમિ દ્વારકા જીલ્લાના પ્રમુખ વિજયભાઈ બુજડ, મહામંત્રી દિવ્યપ્રકાશ ઠાકર, પ્રમુખ વિપુલભાઈ જોષી, ગીરધરભાઈ જોષીએ જણાવેલ કે તા.૨૭ના શનીવારના રોજ દ્વારકાધીશની ધ્વજાજીનું પૂજન તેમજ રાત્રે ૯ કલાકે શરદપુનમની રઢીયાળી રાત્રે ભુદેવો દ્વારા રંગ કસુંબલ ડાયરો યોજાશે તેમજ આ કાર્યક્રમમાં ભુદેવ કલાકારોનું સન્માન કરવામાં આવશે, જેમાં નીરજંનભાઈ પંડયા, જીતુભાઈ પંડયા, હીરેન ભાઈ વાસુ, નારાયણભાઈ ઠાકર, પરેશભાઈ વડીયા, મયુરભાઈ દવે, પીયુષ મહારાજ સહીતનાનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના

અધિવેશનમાં રામભાઈ મોકરીયા,બાલકૃષ્ણભાઈ શુકલ, રંજનબેન ભટ્ટ, પુનમબેન માડમ, બાબુભાઈ દેશાઈ સહીતના સાથે ધારાસભ્યો તેમજ ભાજપના આગેવાનો અને સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના મીડીયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષી ઉપસ્થિત રહેશે

નવા વરાયેલા પ્રમુખ સર્વે વિપુલભાઈ જોષી, દેવભુમિ દ્વારકા, પ્રફુલભાઈ વાસુ, જામનગર, ભરતભાઈ ઓઝા(મોરબી), પંકજભાઈ રાવલ (રાજકોટ), કમલભાઈ ત્રીવેદી (બોટાદ), તુષારભાઈ પંડયા (ગીર સોમનાથ), કાનજીભાઈ જોષી (પોરબંદર), મુકુદભાઈમહેતા (અમરેલી), દીપકભાઈ જાની (ભાવનગર), પ્રફુલભાઈ ત્રિવેદી (જુનાગઢ) અને મનોજભાઈ જોષી (ભુજ) સહીતના ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે રામભાઈ મોકરીયા, બાલકૃષ્ણભાઈ શુકલ, રંજનબેન ભટ્ટ, પુનમબેન માડમ, બાબુભાઈ દેશાઈ તેમજ મુળુભાઈ બેરા, રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા, મયુરભાઈ ગઢવી, અનીકેતભાઈ ઠાકર, શૈલેષભાઈમહેતા, અમુલભાઈ ભટ્ટ, અમીતભાઈ ઠાકર, અનીરૂભાઈ દવે, રાકેશભાઈ દેશાઈ, સંદીપભાઈ દેશાઈ, ચેતનભાઈ દેશાઈ, સેજલબેન પંડયા, જગદીશભાઈ મકવાણા, ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂ, જીજ્ઞાબેન પટેલ, નરેશભાઈ વ્યાસ, મહેશભાઈ રાવલ, ભુષણભાઈ ભટ્ટ, ડો. પંકાશભાઈ મોઢા, વસુબેન ત્રિવેદી, જાગૃતીબેન પંડયા, દીપકભાઈ જોષી, યજ્ઞેશભાઈ દવે, કશ્યપભાઈ શુકલ, નીતીનભાઈ ભારદ્વાજ, રચનાબેન મોટાણી, રેખાબેન ખેતીયા, હરેશભાઈ જોષી તેમજ સાધુ સંતોમાં કૃષ્ણપુરી મહારાજ, ચૈતન્ય શંભુ મહારાજ, ગીજુભાઈ ભરાડ, આંચાર્યશ્રી ધનશ્યામજી મહારાજ, જીજ્ઞેશ દાદા, ડો. મહાદેવપત્રસાદ મહેતા, મગનભાઈ રાજયગુરૂ, હેમંતભાઈ રત્નેશ્વર, ચેતનભાઈ સાતા, નરેન્દ્રપ્રસાદ જોષી, કશ્યપ મહારાજ, નિકુંજભાઈ ત્રિવેદી, હીતેશભાઈ પંડયા, પીનાકીનભાઈ રાવલ, બંકીમભાઈ મહેતા, જયેશભાઈ દવે, ભરતભાઈ રાવલ, અનીલભાઈ શુકલ, ધારીણીબેન શુકલ, અધિકારીઓ હીતેશભાઈ જોષી, મુકેશભાઈ પંડયા, શાસ્ત્રી સાહેબ, નીકુંજભાઈ જોષી, ભાવીનભાઈ ભટ્ટ, અવધેશભાઈ પાઠક સહીતના ઉપસ્થિત રહેશે.

તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજના નવા વરાયેલા ટ્રસ્ટી અનીલભાઈ મહેતા, છેલભાઈ જોષી, ડી.જી મહેતા, વિજયભાઈ રાજયગુરૂ, એન.સી. ત્રિવેદી, મીલનભાઈ શુકલ, અશ્વિનભાઈ ઠાકર, હસમુખભાઈ જોષી, ધર્મેન્દ્રભાઈ રાવલ, સુનીલભાઈ મહેતા, હીરાભાઈ અજાણી, તેમજ આ કાર્યક્રમના સહયોગી યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, હસમુખભાઈ ત્રિવેદી, ડાયાભાઈ ઔડીચ, પ્રવીણભાઈ લહેરૂ, રવીન્દ્રભાઈ શાસ્ત્રી, વિનયભાઈ વ્યાસ, જનકભાઈઉપાધ્યાય, ગોવીંદભાઈ આચાર્ય, ભરતભાઈ ત્રિવેદી, રવીભાઈ રાજયગુરૂ, સમસ્ત ગુગળી ૫૦૫ બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારકા, સમસ્ત બ્રહ્મપરીવાર, દ્વારકા, અબોટી બ્રહમસમાજ યુવા ગ્રુપ દ્વારકા, સીધ્ધનાથ ગ્રુપ દ્વારકા, એકાદશ મહાદેવ ગ્રુપ દ્વારકા, રાજગોર સમાજ યુવક મંડળ, દ્વારકા તીર્થ પુરોહીત રાજગોર યુવા સંગઠન ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ દેવભુમિ દ્વારકા જીલ્લાના પ્રમુખ વિજયભાઈ બુજડ, મહામંત્રી દિવ્યપ્રકાશ ઠાકર, પ્રમુખ વિપુલભાઈ જોષી, મહામંત્રી જીજ્ઞેશભાઈ ઠાકર, ટ્રસ્ટી વિજયભાઈ રાજયગુરૂ, સહમંત્રી ગીરધરભાઈ જોષી જહેમત ઉઠાવી રહ્યા છે.

સ્વચ્છતા હી સેવા અભિયાન

શહેરના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૩.૮ ટન કચરાનો નિકાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે આજે મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી ૩.૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ જેવા કે, કાલાવડ રોડ, કાંગશિયાળીથી ગોંડલ ચોકડી અને ગોંડલ ચોકડીથી પુનીતનગર સર્કલ સુધીના પોઈન્ટ ખાતેથી કુલ ૧.૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ, તેમજ પૂર્વ ઝોન વિસ્તારના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ કેવા કે, ભાવનગર રોડ સુધીના પોઈન્ટ ખાતેથી કુલ ૨.૩ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનરની સુચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જીંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઈ. તથા એસ.એસ.આઈ. દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

કાલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'મન કી બાત' કાર્યક્રમ યોજાશે

શહેરના તમામ બુથમાં 'મન કી બાત' કાર્યક્રમ નિહાળવા તમામ શ્રેણીના કાર્યકર્તાઓને જાહેર અનુરોધ કરતા મુકેશ દોશી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દર માસના અંતિમ રવીવારે મન કી બાત કાર્યક્રમ યોજવામાં આવે છે અને મન કી બાત કાર્યક્રમ મારફત નરેન્દ્રભાઈ મોદી દેશવાસીઓ સાથે સંપર્કમાં રહે છે અને દેશવાસીઓ પાસેથી આવેલ વિવિધ સુચનો અંગે ચર્ચા-પરિસંવાદ કરવામાં આવે છે ત્યારે આવતીકાલે તા.૨૯ રવીવારના રોજ સવારે ૧૧ કલાકે નરેન્દ્રભાઈ મોદી દ્વારા મન કી બાત દ્વારા દેશવાસીઓ સાથે જોડાશે.આ કાર્યક્રમનું ડી.ડી. ચેનલ ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. ત્યારે શહેરના તમામ બુથમાં મન કી બાત કાર્યક્રમ નિહાળવામાં આવશે. તો આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને જોડાવવા મન કી બાત શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જાહેર અનુરોધ કરેલ છે.

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮: મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૨૭/૧૦ ના રોજ ચૈતન્ય બિલ્ડીંગ, કિશાન પેટ્રોલ પમ્પ સામે, ગોંડલ રોડ, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૪૦ રહેવાસીઓ જોડાયેલ. આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

જાહેરમાં ગંદકી કરનાર હોટલ દેવજીવન સીલ

હોટલના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવાર-નવાર સુચના અપાઈ હતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

શહેરમાં રામાપીર ચોકડી પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે આવેલ હોટલ દેવજીવન દ્વારા જાહેર આરોગ્યને નુકસાન કરે તે રીતે જાહેર ગંદકી તેમજ કચરો કરવામાં આવતો હોય, તા.૨૩/૧૦ ના રોજ આ બાબતે નોટીસ આપી તેમજ તા. ૧૬/૧૦ ના રોજ રૂ.૫૦૦ ના વહીવટી ચાર્જની પણ વસુલાત કરવામાં આવેલ. આ ઉપરાંત આ હોટલના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવાર-નવાર સુચના આપવામાં આવેલ. તેમ છતાં, તા.૨૭/૧૦ ના રોજ સ્થળ તપાસ કરતાં હોટલની આસપાસ ખુબજ ગંદકી તેમજ કચરો જોવા મળેલ હતો. અગાઉ નોટિસ અને વહીવટી ચાર્જ વસુલ કરવા છતાં તેમના દ્વારા સ્વચ્છતા જાળવવામાં આવી ન હતી અને સ્વચ્છતા બાબતે કોઈ સુધારો જણાયો ન હતો. જેથી તા.૨૭/૧૦ ના રોજ સાંજે ૭:૩૦ કલાકે હોટલ દેવજીવનના સંચાલકોને નોટીસ આપીને હોટલને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ.

આ અંગે મ્યુનિ. કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે, સ્વચ્છતા અભિયાન લોકજીવનનો સક્રિય હિસ્સો બની રહે અને તેની પ્રકૃતિ સાથે પણ વણાઈ જાય તે જરૂરી જણાય છે. જાહેર સ્વચ્છતાની બાબત એ સામાજિક જીવનની શિષ્તબદ્ધતાનું પ્રતિક છે. શહેરીજનો મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ રાખવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે તેમાં સક્રિય અને સજાગપણે સામેલ થાય એટલે અપેક્ષિત પરિણામો મળે છે. જાહેરમાં ગંદકી કરતા લોકો સામે આ અગાઉ અનેક વખત પગલાં લેવાયા છે, આમ છતાં ક્યાંક કેટલાક લોકો હજુ પણ ભૂલ કરતા રહે છે. લોકોમાં સ્વયં જાગૃતિ આવે તે ઈચ્છનિય છે, પરંતુ જયારે આવું સંભવ ન બને ત્યારે વહીવટી તંત્ર કડક પગલાં લેવા મજબુર બને છે. જાહેરમાં સ્વચ્છતાને નજર અંદાજ કરી ગંદકી કરનારા લોકો અને વ્યવસાયી સંકુલો સામે વહીવાટી ચાર્જ / સીલીંગ સહિતના પગલાં લેવામાં આવશે. જાહેરમાં ગંદકી કરતા આસામીઓ સામે ધી જી. પી. એમ. સી. એક્ટ - ૧૯૪૯ની કલમ - ૩૭૬ એ હેઠળ આગામી સમયમાં પણ કડક કાર્યવાહી કરવામાં આવશે જેમાં વહીવટી ચાર્જ / સીલીંગ વગેરે જેવા પગલાં સામેલ છે.

આ કાર્યવાહી ધી જી. પી. એમ. સી. એક્ટ - ૧૯૪૯ની કલમ - ૩૭૬ એ અન્વયે મ્યુનિ. કમિશનર આનંદ પટેલ તથા નાયબ કમિશનર ધામેલીયાના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર પરમાર, ઇન્ક્રોચમેન્ટ રીમુવલ ઓફિસર બારીયા તથા નાયબ પર્યાવરણ ઈજનેર જીંજાળા તેમજ વોર્ડના સેનીટરી ઈન્સપેકટર તેમજ તેમના તાંબા હેઠળ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી.

હાલ સરકારની સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત શહેરને તેમજ શહેરની બહારના વિસ્તારો, શહેરને જોડતા હાઈ-વે વિગેરેને સ્વચ્છ કરવા માટે સઘન કાર્યવાહી કરવામાં આવી રહેલ હોય, જાહેરમાં ગંદકી ફેલાવતાં આસામીઓ તેમજ ધંધાર્થીઓને નોટીસ આપી વહીવટી ચાર્જ વસુલવા તેમજ તેમાં સુધારો ન જણાતા આવા આસામીઓ/ ધંધાર્થીઓ સામે તેની દુકાન / ધંધાનું એકમ સીલ કરવા સુધીના આકરા પગલાં લેવામાં આવશે.

જૈનમ્ કામદાર નવરાત્રી ૨૦૨૩ ને સફળતાના શીખર સર કરવામાં સહયોગી બનનાર તમામનો આભાર : કોઠારી, વસા, ઉદાણી

દાત્તાઓ, સ્પોનસરો, એજન્સીઓ, આગેવાનો, કમિટી મેમ્બરો, સરકારી તંત્રના સહયોગથી સંપન્ન થયો આધશકિતની આરાધનાનો અવસર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વિશ્વના એકમાત્ર જૈન સમાજના નવરાત્રીના આયોજન એવા જૈનમ્ કામદાર નવરાત્રી મહોત્સવ-૨૦૨૩ એ આ વર્ષે અનેકવિધ કાર્યક્રમોની હારમાળા સજીર્ને આ મહોત્સવને અતિ યાદગાર બનાવી સતત છઠ્ઠા વર્ષે સફળતાની નવી ટોચે પહોંચાડી દીધું તેમાં જૈનમ પરિવારના તમામ કમિટી મેમ્બરો ઉપરાંત અનેક લોકો, સંસ્થા, તંત્ર, મીડીયા નો ખુબ મોટો સિંહફાળો રહેલો છે. અપ્રિતમ સફળતા સર કરનાર જૈનમ નવરાત્રી મહોત્સવમાં સહયોગ આપનાર તમામનો જૈનમ પરિવાર વતી જીતુભાઈ કોઠારી, જયેશભાઈ વસા, સુજીતભાઈ ઉદાણીએ હદય પૂર્વક આભાર વ્યકત કર્યો છે.

જૈનમ કામદાર નવરાત્રી મહોત્સવ-૨૦૨૩ ના આ વર્ષના ભવ્યતીભવ્ય આયોજન માં રાજકોટનો સમસ્ત જૈન સમાજ જેમાં ચારેય ફીરકાના જૈન પરિવારો જોડાયા હતાં. ઉપરાંત તમામ સાથી સંસ્થાઓ, મંડળો, ગ્રુપો જેવા કે જૈન સોશ્યલ ગ્રુપ મેઇન, વેસ્ટ, મીડટાઉન, ડાઉનટાઉન, રોયલ, એલીટ, યુવા, સેન્ટ્રલ, પ્રાઇમ, જે.એસ.જી. સંગીની મીડટાઉન, સંગીની ડાઉન ટાઉન, સંગીની એલીટ, સંગીની પ્રાઇમ, જૈન યુવા ગ્રુપ, જૈન યુવા ગ્રુપ જુનીયર, દિગંબર સોશ્યલ ગ્રુપ, જૈન જાગૃતી સેન્ટરનો ખુબ સહયોગ મળ્યો હતો. આ તમામ સંસ્થાના મેમ્બરો સીઝન પાસ લઈ આ રાસોત્સવમાં મોટી સંખ્યામાં જોડાયા હતાં. અને "જૈનો તો જૈનમમાં જ રમે એ સુત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કર્યુ હતું. આમ સંસ્થાઓનો પણ ખૂબ સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો. સતત એક જ ગ્રાઉન્ડ પર છ વર્ષ સુધી આયોજન માટે આ ગ્રાઉન્ડ પારીજાત પાર્ટી પ્લોટ ના માલીક જૈન શ્રેષ્ઠી ચંદ્રકાંતભાઈ શેઠ આ રાસોત્સવનાં ટાઈટલ સ્પોન્સર કામદાર પરિવાર ના દામીનીબેન પિયુષભાઈ કામદાર, જયભાઈ કામદાર, વિશેષભાઈ કામદાર અન્ય સ્પોન્સરો એડવોકેટ અનિલભાઈ દેસાઈ પરિવાર, લેવલ-૬ પરિવાર, મુકેશભાઈ દોશી (મોર્ડન) પરિવાર, ખારા પરિવાર, જીતુભાઈ બેનાણી પરિવાર, જીતુભાઈ કોઠારી પરિવાર, જયેશભાઈ વસા પરિવાર, જીતેન્દ્ર ગૃપ પરિવાર, એચજે સ્ટીલ પરિવાર, એશ્વર્યા એવન્યુ પરિવાર, જનીશભાઈ અજમેરા પરિવાર, દામીનીબેન પિયુષભાઈ કામદાર પરિવાર, દર્શનભાઈ શાહ પરિવાર, ૯-એવન્યુ પ્રોજેકટ પરિવાર, સહીતના પેવેલીયન હોલ્ડરો, તમામ પ્રકારની આગોતરી કામગીરી માટે મધ્યસ્થ કાર્યાલય માટે ત્રણ માળ ની ઓફીસ ની સેવા આપનાર કેમ્પેઇન એડ. એન્ડ ઇવેન્ટના ધર્મેશભાઇ શાહ, સરકારની ગાઇડલાઇન પ્રમાણે આઇ.સી.યુ. યુનીટ ઉભુ કરવામાં સહયોગી શિવ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ, સિનર્જી હોસ્પીટલ સ્ટાફ, આઇ.એમ.એ. ના પ્રમુખ ડો. પારસભાઇ ડી. શાહ અન્ય સિનીયર ડો. રાજુભાઇ કોઠારી, ડો. હિરેનભાઇ કોઠારી, ડો. અમીતભાઇ હપાણી, ડો. જયભાઇ તુરખીયા, પેરામેડીકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, બ્રધર્સ, સિસ્ટર, સ્ટાફ ઇકવીપમેન્ટ માટે સહયોગી હિતેશભાઇ તલસાણીયા કાર્યકર્તાઓને ઇમરજન્સી સમયે જરૂરી પી.સી.આર. ટ્રેનીંગ આપનાર ડો. શ્રેણીકભાઇ દોશી, ડો. કપીલભાઇ રાઠોડ સીઝન પાસ ખેલૈયાઓને ફ્રી કોચીંગ આપનાર ટયુટરો પ્રિયંકા શાહ, અમી કોઠારી, ધૈર્ય પારેખ, દ્રષ્ટી વખારીયા, ટ્રેનીંગ માટે જગ્યા ફાળવનાર તમામ લોકો, સીઝન પાસ ના બુકીંગ માટે વ્યવસ્થામાં સહયોગ આપનાર કેમ્પેઇન કોર્પોરેટ હાઉસ, શ્રી અંબા આશ્રીત સારીઝ, જૈન બ્રાઇટ સ્ટીલ ટ્રેડર્સ, તપસ્વી સ્કૂલ, શીતલ જવેલર્સ, લેવલ-૬, હેપી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ઉર્મી એમ્પોરીયમ, ડ્રીમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, કૌશલ્યમ માર્કેટીંગ મહોત્સવને લગતું તમામ પ્રિન્ટીંગ મટીરીયલ માટે રીઝલ્ટ ગ્રાફીકસ સ્ટાફ, મ્યુઝીક એરેન્જર પંકજભાઇ ભટ્ટ સાથે ગાયકો, પ્રદીપભાઇ ઠકકર, વિશાલભાઇ પંચાલ, ઉમેશભાઇ બારોટ, પરાગીબેન પારેખ, પ્રિતીબેન ભટ્ટ, નમ્રતાબેન ગોસલીયા, તમામ સાજીંદાઓ લાઇટ એન્ડ સાઉન્ડની વ્યવસ્થા કરનાર જુગલ દોશી, મંડપ સર્વિસ એજન્સી, સુરક્ષા પુરી પાડનાર સીકયોરીટી સ્ટાફ, પી.જી.વી.સી.એલ. સ્ટાફ, કોર્પોરેશન સ્ટાફ, સરકારી વિભાગો, પોલીસ તંત્ર, રાજકોટના રાજકીય, સામાજીક, સંસ્થાના આગેવાનો, જૈનમ પરિવારના તમામ કમિટી મેમ્બરો તથા તેમના પરિવારજનો, પ્રિન્ટ મીડીયાના તંત્રીઓ, પ્રતિનીધીઓ, ફોટોગ્રાફરઓ, રાજકોટના તમામ મીડીયા જગત દરેકે ખૂબ સુંદર સહયોગ આપી આ રાસોત્વને સફળતાના શીખરે પહોંચાડવામાં તન-મન-ધનથી જે સહયોગ આપેલ તે બદલ જૈનમ પરિવાર વતી જીતુ કોઠારી, જયેશ વસા, સુજીત ઉદાણીએ તમામ લોકો, સંસ્થા, મંડળો, સરકારી વિભાગનો આભાર વ્યકત કર્યો છે.

રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશનના સહયોગથી ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન દ્વારા તથા રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશનના સહયોગથી આગામી તા. ૩૧-૧૦ થી તા.૨-૧૧-૨૦૨૩ દરમ્યાન રાજકોટ ખાતે આંતર જિલ્લા પ્રથમ ટોરન્ટ પાવર કપ **U-20** ભાઈઓ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન રેસકોર્સ ફુટબોલ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાતની ૧૦ જિલ્લાઓની ટીમો ભાગ લઈ રહેલ છે. પ્રથમ રાઉન્ડમાં બધા જિલ્લાની ટીમોને ત્રણ તથા ચારના ગ્રુપમાં લીગ મેચ રમાડવામાં આવશે. જેમાંથી દરેક ગ્રુપમાંથી પ્રથમ આવનાર ટીમને ક્વાર્ટર ફાઈનલ મેચ તા. ૦૪-૧૧-૨૦૨૩, સેમી ફાઈનલ તા.૬-૧૧-૨૦૨૩ તથા ફાઈનલ મેચ તા.૭-૧૧-૨૦૨૩ ના રોજ એસ.એ.જી. નિકોલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, અમદાવાદ ખાતે રમાડવામાં આવશે. આ ટુર્નામેન્ટમાંથી ગુજરાત સ્ટેટ ફુટબોલ ટીમનું સિલેકશન સિલેકટરો દ્વારા કરવામાં આવશે. રાજકોટની ફુટબોલ પ્રેમી જનતાને દરેક મેચ નિહાળવા માટે હાર્દિક આમંત્રણ છે.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશનના હોદ્દેદારો સર્વે પરિમલ નથવાણી, પ્રમુખ, ગુણુભાઈ ડેલાવાળા, ઉપપ્રમુખશ્રી તથા મુળરાજસિંહ ચુડાસમા, સેક્રેટરી તથા અન્ય હોદારો તથા રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશનના હોદ્દેદારો સર્વે ડી.વી. મહેતા, મુકેશ બુંદેલા, બી.કે. જાડેજા, રોહિત બુંદેલા, જીવણસિંહ બારડ, અજય ભટ્ટ, ધર્મેશ છત્રોલા, અમૃતલાલ બહુરાશી, લાલસિંહ ચૌહાણ, રાજેશ ચૌહાણ, જયેશ કનોજીયા, મન્દીપસિંહ બારડ, અમીત શિયા-ળીયા, દિપક યશવંત, રોહીત પંડિત, કિર્તી દવે, અક્ષય પટેલ વગેરે સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

મીડિયા લોકશાહીનો ચોથો અને મહત્વનો સ્તંભ છે : સુરજીત મહેડુ

પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,અમદાવાદ દ્વારા પોરબંદર ખાતે એક દિવસીય ''વાર્તાલાપ'' રૂરલ મીડિયા વર્કશોપ યોજાયો

માધ્યમો વધ્યા છે ત્યારે પત્રકારોની જવાબદારી પણ વધી છે : અભિમન્યુ મોદી

ન્યુઝ અને વ્યુઝ વચ્ચેનો તફાવત જાળવો એ દરેક પત્રકાર માટે ખૂબ જરૂરી : જય વસાવડા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
પોરબંદર, તા.૨૮

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગતના પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,અમદાવાદ અને કેન્દ્રીય સંચાર બ્યૂરો, જૂનાગઢ દ્વારા પોરબંદર જિલ્લા ખાતે સરકારના ૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ અંતર્ગત સરકારની વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી ગામડાંના છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે પત્રકારોને માહિતગાર કરતો એક દિવસીય ''વાર્તાલાપ'' રૂરલ મીડિયા વર્કશોપ તેમજ સરકારી યોજનાઓની માહિતી પોરબંદર જિલ્લામાં પ્રસરે તે અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન ઉપસ્થિત મહાનુભાવો સાથે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પોરબંદર જિલ્લા રૂરલના નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુએ આજના સંચાર માધ્યમોને સમાજ આંખ અને કાન ગણાવતા વધુમાં જણાવ્યું હતું કે મીડિયા લોકશાહી નો ચોથો અને મહત્વનો સ્તંભ છે.આજે મીડિયાથી દરેક માહિતી સરળતાથી લોકો સુધી પહોંચી રહી છે. અને પોરબંદર જિલ્લાનું મીડિયા ખૂબજ સહકાર આપે છે. આજે ડિજિટલ યુગમાં મીડિયા એક એવુ માધ્યમ બન્યું છે જેના આધારથી સાચી માહિતી પહોંચી રહી છે. અને સરકારની યોજનાઓ વિશે જાગૃતિ લાવવાનું માધ્યમ બન્યું છે. આજના આ વર્કશોપથી પોરબંદરના મીડિયાને નવી જાણકારી મળે તેવી આશા છે. અમદાવાદથી ખાસ વાર્તાલાપમાં ઉપસ્થિત રાજકોટના યુવાન લેખક અભિમન્યુ મોદીએ ડિજીટલ મીડિયા : પત્રકારત્વમાં આદર્શ પરિવર્તન વિષય પર બોલતા જણાવ્યું હતું કે, આજના સતત વહી રહેલા માહિતીના ધોધ વચ્ચે પત્રકારોએ વધુ સચેત થવાની આવશ્યકતા છે. શું લેવું, કેટલું લેવું અને તેને કેવી રીતે પ્રસ્તુત કરવું એ બાબતે પત્રકારોએ વધારે સજાગ પણે કામ કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. ડિજિટલ માધ્યમોના વધી રહેલા વ્યાપ વચ્ચે મીડિયા જગતે પણ આ પરિવર્તનને સ્વીકારી સતત અપડેટ થવાની આવશ્યકતા ઊભી થઈ છે ડિજિટલ પ્લેટફોર્મની નકારાત્મક બાજુને અવગણી તેના વ્યવહારુ, સુચારું સકારાત્મક અને સમાજલક્ષી ઉપયોગ માટે દરેક મીડિયા કરવી એ પોતાની જાતને તૈયાર કરવી પડશે ડિજિટલ પ્લેટફોર્મને પડકાર ન ગણતા મીડિયા જગતમાં આવેલા એક પરિવર્તનનો ભાગ ગણી એ દિશામાં કાર્ય કરતા થવું એ દરેક પત્રકારની ફરજ પણ છે. ડિજિટલ પ્લેટફોર્મની તાકાત ને ક્યારેય અવગણી શકાય નહીં અને આ સશક્ત માધ્યમનો યોગ્ય રીતે ઉપયોગ કરી પ્રત્યેક મીડિયાકર્મી તેના ક્ષેત્રમાં વધુને વધુ સફળતા પણ પ્રાપ્ત કરી શકે છે.

રાજકોટના જાણિતા કટાર લેખક અને વક્તા જય વસાવડાએ આ પ્રસંગે ડિજીટલ મીડિયાના ફાયદા ગેરફાયદા અંગે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, મસાલેદાર સમાચારોને માણવા ટેવાયેલા લોકોને સત્યસભર સમાચાર પ્રભાવી ભાષા અને રસપ્રદ લેખન શૈલી સાથે પીરસવામાં આવે તો તેમને ચોક્કસ ગમશે. માટે વર્તમાન સમયમાં પત્રકારો યોગ્ય [illegible] સાથેના સત્યસભર સમાચાર તેમની આકર્ષક શૈલીમાં પ્રસ્તુત કરીને પોતાની તરફ આકર્ષી શકે છે. પ્રિન્ટ મીડિયા હોય કે પત્રકારોએ તેમની લેખન શૈલી ઉપર વધુ ધ્યાન આપવાની આવશ્યકતા છે. સરકારી યોજના કે સરકારની કોઈ બાબતને સ્પષ્ટતા સમાચાર પણ લોકો સુધી પહોંચાડવા પત્રકારોએ તેમની લેખન શૈલીને વધુ પ્રભાવક બનાવવાની આવશ્યકતા રહે છે સમાચાર માહિતીપ્રદ હોવાની સાથે રસપ્રદ હોવા પણ એટલા જ જરૂરી બને છે. દર બીજી સેકન્ડે સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ્સ પર સતત અપલોડ થતા રહેતા ન્યુઝ અને વ્યૂઝની વચ્ચે અટવાયેલા લોકોને ઈલેક્ટ્રોનિક મીડિયા સમાચારનું પ્રસ્તુતિકરણ લોકોને આકર્ષવા માટેનું મજબૂત હથિયાર છે ત્યારે પત્રકારોએ સમયના બદલાવની સાથે સતત બદલાતું રહેવું પડશે અને સોશિયલ મીડિયાના દરેક પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરતા પણ થવું પડશે.

આ પ્રસંગે કેન્દ્રીય સંચાર બ્યૂરો, અમદાવાદના ઈન્ચાર્જ ડાયરેક્ટર ચિરાગ ભોરણીયા પીઆઈબીની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી, જેમાં તેમણે જણાવ્યું કે સરકારી યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચે [illegible] મીડિયાની ભૂમિકા અગત્યની રહેલી છે. મીડિયાની ભૂમિકા નાગરીકોની જાગૃતિમાં પણ રહેલી છે. જાગરૂક નાગરિક દેશની સૌથી મોટી મૂડી છે. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત કાર્યરત કેન્દ્રીય સંચાર બ્યૂરો, ક્ષેત્રિય કાર્યાલય, જૂનાગઢ દ્વારા ઈન્ટીગ્રેટેડ કમ્યુનિકેશન એન્ડ આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત પોરબંદર ખાતે નવયુગ વિદ્યાલયમાં ચિત્ર સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધાના વિજેતાઓને વિભાગ દ્વારા મહાનુભાવોના હસ્તે ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આજે મધ્યરાત્રીએ ખંડગ્રાસ ચંગ્રહણનો અદભુત અવકાશી નજારો

રાજયમાં ગામેગામ જનજાગૃતિ કાર્યક્રમ સાથે નિદર્શન યોજાશે : વિજ્ઞાન જાથાનો રાજયકક્ષાનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાશે

અમદાવાદ, તા.૨૮

આજે ભારત સહિત વિશ્વના અમુક દેશો-પ્રદેશોમાં મધ્યરાત્રિએ ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો સાડા ચાર કલાકનો અદભુત અવકાશી નજારો બનવાનો છે. રાજયભરમાં ગ્રહણ નિદર્શન કાર્યક્રમ ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અમલમાં મુક્યો છે. રાજયકક્ષાનો કાર્યક્રમ રાજકોટ ખાતે મધ્યરાત્રિએ યોજાવાનો છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ભારતમાં ચંદ્રગ્રહણ તા.૨૮ મી એ ૨૩ કલાક ૩૧ મિનિટથી તા.૨૯ મી ના ૩ કલાક ૫૬ મિનિટ સુધી જોવા મળશે. શરૂઆતમાં પૃથ્વીનો પડછાયો જોવા મળશે જે ખગોળપ્રેમીઓને જ ખબર પડશે. ત્યાર બાદ તા. ૨૯ મી એ ૧ કલાકને ૫ મિનિટથી ગ્રસીત થતો ભાગ ૨ કલાક ને ૨૨ મિનિટ સુધી જોઈ શકાશે.

જાથાના પંડયા જણાવે છે કે તા.૨૮ મી રાત્રિના સાડા અગિયાર કલાકથી શરૂ થનારૂ ગ્રહણ તા. ૨૯ મી ૩ કલાક ૫૬ મિનિટ સુધી ગ્રસિત-ખંડગ્રાસ ગ્રહણ નરી આંખે જોઈ શકાશે. વિશ્વના દેશો અને પ્રદેશોમાં સાડા ચાર કલાકનું ગ્રહણ ખંડગ્રાસ, જયારે ભારતમાં ૧ કલાક ૧૬ મિનિટની અવધિ સુધી જોવા મળશે. રાજયકક્ષાનો કાર્યક્રમ અમદાવાદ, રાજકોટ ખાતે યોજાશે. તેમ જણાવ્યું છે.

અમરેલી જિલ્લાનાં બે મામલતદારની બદલી, ૧૦ નાયબ મામલતદારને મામલતદાર બનાવાયા

સાવરકુંડલાનાં મામલતદાર પંચમહાલ મુકાયા

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં ફરજ બજાવતા સાવરકુંડલાનાં મામલતદાર પ્રદિપસિંહ ગોહિલની પંચમહાલ જિલ્લામાં અને એડિશ્નલ ચીટનીશ એચ.એન. પરમારને સ્થાનિક કક્ષાએ ચૂંટણી શાખામાં ફરજ સોંપવામાં આવી છે. તદુઉપરાંત અમરેલી જિલ્લામાં નાયબ મામલતદાર તરીકે ફરજ ૧૦ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં મિલન રાજયગુરૂને જસદણ, અરવિંદ રાદડીયાને ભાવનગર, દિનેશ ભાડને લોધિકા, હસમુખ વિરાણીને ભરૂચ, નીતિન લંઘણોજાને વિસાવદર, જયેશ મહેતાને મહુવા, હિતેન્દ્ર ઉપાધ્યાયને ચીટનીશ-અમરેલી, પ્રશાંત ભીંડીને ઉમરાળા, ધીરજ ભીમાણીને ઉના અને મહેશ પટોળીયાને ભેંસાણ ફરજ સોંપવામાં આવી છે.

રાજુલામાં મહિલાએ માનસિક બીમારીથી કંટાળી એસિડ પીતા મોત

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૨૮

રાજુલાનાં સતાધારનગરમાં રહેતા ઉષાબેન નિલેશભાઈ વાલસુર નામનાં ૪૦ વર્ષિય મહિલા માનસિક બીમાર હોય, દવા ચાલું હોય. બીમારીથી કંટાળી જઈ તેણીએ ગત તા.૨૬/૧૦નાં રોજ સવારે બાથરૂમ-ટોઈલેટમાં પડેલ એસડ પી લેતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

અકસ્માતે મૃત્યુ પામેલા ખેડૂત પરિવારને જસદણ માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોને બે લાખના સહાયના ચેક અર્પણ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૨૮

જસદણ માર્કેટિંગ યાર્ડ દ્વારા અકસ્માતે મૃત્યુ પામેલા ખેડૂત પરિવારને બે લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જસદણ યાર્ડની તાજેતરમાં સામાન્ય સભા મળી હતી. જેમાં જસદણ તાલુકામાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેડૂતોના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા રૂપિયા ૨,૦૦,૦૦૦ (બે લાખ) ની વીમા સહાય ચૂકવવામાં આવેલ હતી. જસદણ તાલુકામાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેડૂતો સ્વ. ગુણવંતરાય નથુભાઈ ભલાણી મુ. કાનપર , સ્વ. કાળુભાઈ સિદિભાઈ પરમાર મુ.જંગવડ, સ્વ. ભવાનભાઈ દેવશીભાઈ દુમાદિયા મુ.કાળાસર તથા સ્વ. રવજીભાઈ નાનજીભાઈ સોસા મુ.કોઠી એમ કુલ ચાર ખેડૂતોના થોડા સમય પહેલા અલગ અલગ સ્થળે અકસ્માતે અવસાન થયા હતા. પરિવારને જસદણ માર્કેટિંગ યાર્ડ તરફથી યાર્ડના ચેરમેન અરવિંદભાઈ તાગડિયાના હસ્તે રૂપિયા બે લાખના સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ સામાન્ય સભામાં યાર્ડના ચેરમેન અરવિંદભાઈ તાગડીયા ઉપરાંત વાઈસ ચેરમેન પ્રેમજીભાઈ રાજપરા તેમજ યાર્ડના તમામ ડિરેક્ટરો હાજર રહ્યા હતા. તરફથી સહાયની રકમ મળતા ખેડૂત પરિવારમાં આનંદની લાગણી ફેલાણી છે. ઉલ્લેખનીય છે કે જસદણ માર્કેટિંગ યાર્ડનું સમગ્ર સૌરાષ્ટ્રમાં ખૂબ જ મોટું નામ છે અને ખેડૂતોને પોષણ ક્ષણભાવ મળે છે તેમજ જસદણ માર્કેટિંગ યાર્ડનું તટસ્થ અને પારદર્શક સંચાલન યાર્ડના ચેરમેન સહિતના બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતની ચીમકી

ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન પહેલા રત્નકલાકારોની માંગણી પુરી કરો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

હીરાઉદ્યોગના રત્નકલાકારોની માંગણીઓ

(૧)આર્થિક પેકેજ જાહેર કરો
(૨)રત્નદીપ યોજના શરૂ કરો
(૩)વ્યવસાય વેરો નાબૂદ કરો
(૪)આપઘાત કરતા રત્નકલાકારો ના પરિવારો ને આર્થિક મદદ કરો
(૫)રત્નકલાકાર કલ્યાણ બોર્ડની રચના કરો

હીરા ઉદ્યોગમાં ભારે મંદીના કારણે હજારો રત્નકલાકારો બેરોજગાર બન્યા છે અને પ્રોડકશન કાપના કારણે રત્નકલાકારોના પગાર મા ૩૦% થી ૫૦% સુધીનો જંગી ઘટાડો નોંધાયો છે ઘણા નાના મોટા કારખાના બંધ થયા છે અને ઘણી જગ્યાએ વેકેશન પણ વહેલા પડી ગયા છે અને ક્યારે ખુલશે તેની પણ તારીખો જાહેર કરવામાં આવી નથી જેના કારણે હજી પરિસ્થિતિ વધારે ખરાબ થવાની શક્યતા છે.મોંઘવારી વધી રહી છે અને પગાર ઘટવાના કારણે રત્નકલાકારો ભારે આર્થિક સંકટમાં ફસાઈ ગયા છે અને ઘર ગુજરાન ચલાવવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા છે અને આર્થિક સંકટમાં મુકાયેલા રત્નકલાકારો આપઘાત કરવા મજબૂર બની રહ્યા છે સુરત શહેરમાં છેલ્લા પાંચ મહિનામાં અંદાજે ૩૦ રત્નકલાકારોએ આપઘાત કરી જીવન ટૂંકાવી લીધા છે ત્યારે અમે માનનીય મુખ્યમંત્રી અને શ્રમ રોજગાર મંત્રીને રત્નકલાકારોની સમસ્યાઓ બાબતે વાકેફ કર્યા છે પરંતુ રત્નકલાકારોની સમસ્યાનુ સમાધાન થયું નથી. ત્યારે સુરત ખાતે બનાવવામાં આવેલ ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન પહેલા રત્નકલાકારોની સમસ્યા ઉકેલવામાં આવે એવી અમારી લાગણી અને માંગણી છે કેમ કે હીરાઉદ્યોગ રત્નકલાકારોની મહેનત ઘગશ પરિશ્રમ થકી ચમકદાર બન્યો છે ત્યારે તેમનું ભવિષ્ય અંધારમય હોઈ તે બાબત ખુબ ગંભીર છે. તેમ જણાવ્યું છે.

અમરેલી જિલ્લા પંચાયત ટીમ દ્વારા રાસોત્સવ કાર્યક્રમ યોજાયો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૨૮

નવલા નોરતાની સમગ્ર રાજય અને દેશભરમાં નવ દિવસ માતાજીની આરાધના સાથે નવરાત્રી મહોત્સવના આયોજન કરવામાં આવ્યા હતા અંતિમ દિવસોમાં અમરેલી જિલ્લામા પણ આયોજન કરવામાં આવ્યા હતા જયારે અમરેલી જિલ્લાપંચાયત ટીમ દ્વારા ૨૦૨૩ રાસોત્સવનું એક દીવસ આયોજન કરવામાં આવ્યું હતું આ તકે ગૂજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને અમરેલીનાં ધારા-સભ્ય કૌશિકભાઈ વેકરિયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાની વિશેષ ઉપસ્થિતી રહી હતી અને અમરેલી જિલ્લા પંચાયતમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ લોકપ્રતિનિધિઓ અને ખેલેયાઓ ઉપસ્થિત રહ્યા હતા પ્રથમ માતાજીની આરાધના બાદ હાજર રહેલા મુખ્ય મેહમાનોનુ સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ ખેલેયાઓ અને અધિકારીઓ લોકપ્રતિનિધિઓ જિલ્લા પંચાયત ટીમ રાસોત્સવમાં ગરબે ઘુમતી જોવા મળી હતી સમગ્ર શહેરના લોકો મોટી સંખ્યામાં જિલ્લા પંચાયત પટાંગણમાં ઉપસ્થિત રહ્યા હતા આ તકે જિલ્લા વિકાસ અધિકારી અને સહિત રાજનેતાઓ ગરબે ઘૂમ્યા હતા. આ તકે અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરત સુતરીયા સહિતના અધિકારીઓ રાજકીય અગ્રણીઓ અને કર્મચારીઓ સહિત લોકોએ માતાજીની આરાધના બાદ એક સાથે ગરબે ઘુમતા જોવા મળ્યા હતા.

FICCI દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલને રાષ્ટ્રીય સ્તરના બે હેલ્થકેર એવોર્ડ એનાયત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય સેવાઓ ઉત્તમથી સર્વોત્તમ બની રહી છે. રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાતની આરોગ્ય સેવા-સુવિધાઓની નોંધ લેવામાં આવી રહી છે. તારીખ ૨૬ ઓક્ટોબરે નવી દિલ્હી ખાતે યોજાયેલ ૧૫ માં **FICCI (Federation of Indian Chambers of Commerce Industry)** હેલ્થકેર એક્સેલન્સ એવોર્ડ્સ ૨૦૨૩ કાર્યક્રમમાં ખ્યાતનામ અભિનેત્રી શર્મિલા ટાગોરના હસ્તે સી.કે. મિશ્રા, જ્યુરી-ચેર, આરોગ્ય અને પરિવાર નિયોજનના ભૂતપૂર્વ સચિવ,ભારત સરકાર, ડો. હર્ષ મહાજન, અધ્યક્ષ **FICCI**, અને ડો. સંજીવ સિંહ સહ-અધ્યક્ષ **FICCI**ની હાજરીમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલને રાષ્ટ્રીય સ્તરના બે હેલ્થકેર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે

જેમાં **Excellence in Patient Care Safety** કેટેગરી માં (દર્દીની શ્રેષ્ઠ સારવાર, સંભાળ અને સલામતી) માટે બાળરોગ સર્જરી વિભાગને બ્લેડર એક્સટ્રોફી સર્જરી માટે રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ અને **Digital Transformation Initiative of the year** (વર્ષની સૌથી ઉત્તમ ડિજિટલ પરિવર્તન અંગેની પહેલ) કેટેગરીમાં સિવીલ હોસ્પિટલ દ્વારા અમલમાં મુકાયેલ ઓનલાઈન રેફરન્સ પોર્ટલ માટે એવોર્ડ એનાયત કરાયો છે.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલના આ બહુમાનને બિરદાવીને સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.સૌથી નોંધનીય બાબત એ છે કે કુલ ૧૨ કેટેગરીમાં અન્ય તમામ સંસ્થાને માત્ર ૧ એવોર્ડ મળ્યો હતો, જ્યારે એકમાત્ર અમદાવાદની સિવિલ હોસ્પિટલને ૨ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડો રાકેશ જોશી અને તેમની ટીમ દ્વારા આ બહુમાન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સિવિલ હોસ્પિટલની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક અને લાઈફ બ્લડ બેંક ના સહયોગ થી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન થયું હતું. વી.વી.પી.માં યોજાયેલા આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૧૧ (એક સો અગીયાર) જેટલા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તથા કર્મચારીગણે બ્લડ ડોનેટ કર્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના વી.વી.પી.ના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ દવેએ જણાવ્યું હતું કે, આ પ્રકારના બ્લડ ડોનેશન કેમ્પના આયોજનથી વિદ્યાર્થીઓમાં પણ સમાજ પ્રત્યે આપણી પણ કંઈક જવાબદારી છે તે ભાવ પ્રગટ થાય છે, વી.વી.પી. પરિવાર હંમેશા વિવિધ સેવાકાર્ય દ્વારા સમાજ પ્રત્યે પોતાની ફરજ નિભાવે જ છે. રકતદાન કેમ્પમાં આ વખતના ૧૧૧ યુનિટ અને ૧ યુનિટના ૩૦૦ સી.સી. ગણતાં ૩૩૩૦૦ સી.સી. રકત એકત્ર થયું છે જે ખૂબ મોટી વાત ગણાય.

આ રક્તદાન શિબિરમાં સંસ્થાના ટ્રસ્ટી ડો. નરેન્દ્રભાઈ દવે, અનુપમ ભાઈ દોશી- ''દીકરાનું ઘર'' વગેરે એ ઉપસ્થિત રહી રકતદાતાઓને પ્રેરણા આપી બિરદાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિન્સીપાલ ડો. પીયૂષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ કો-કયુરીકયુરલ કમિટીના કન્વીનર અંજનાબેન શાપરીયા, પ્રો. શેરોન ક્રિષ્ટી, કુંજનભાઈ ભંડેરી તથા કમિટીના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ સુંદર આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશીકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવેએ અભિનંદન પાઠવેલ છે. તેમ જણાવ્યું છે.

દિવાળીના તહેવારોમાં એસ.ટી.નિગમ ૨૨૦૦થી વધુ એકસ્ટ્રા બસો દોડાવશે : હર્ષ સંઘવી

સુરતથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ દોડશે બસો, એડવાન્સ ઓનલાઇન બુકિંગ વેબસાઇટ તથા એપ્લીકેશન પરથી કરાવી શકાશે

રાજકોટ,તા.૨૮

દિવાળીના તહેવારને ધ્યાને રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુચારૂ આયોજનથી રોડ કનેક્ટિવિટી અને જાહેર પરિવહન સેવાને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે વધુ સુદ્રઢ બનાવી છે. આ વર્ષે એસ.ટી.નિગમ દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને લઇ વતનમાં જવા એકસ્ટ્રા બસો દોડાવશે એમ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે.

સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં વિગતો આપતાં ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે,છેવાડાના માનવી સુધી એસ.ટી. બસની કનેક્ટીવીટી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે નવી બસોની ફાળવણી કરવામાં આવી રહી છે. એસ.ટી.વિભાગના કર્મચારીઓની માંગણીઓ અંતર્ગત મુખ્યમંત્રી સાથે તબક્કાવાર બેઠકો કરવામાં આવી છે. મંત્રીએ કહ્યું કે, રાજ્યમાં એસ.ટી.નિગમ દ્વારા દરરોજની ૮૦૦૦થી વધુ બસો ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને પોતાના ગતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબદ્ધ બસ સેવાઓ પુરી પાડે છે.મંત્રીએ કહ્યું કે, દિવાળીના દિવસોમાં સુરત શહેરમાંથી સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાત સહિત અન્ય જિલ્લાઓમાં હજારોની સંખ્યામાં લોકો પોતાના વતનમાં જતા હોય છે. જેને ધ્યાને લઈને સૌથી વધુ એકસ્ટ્રા બસો સુરત વિભાગ દ્વારા

તા:૭મી નવેમ્બરથી ૧૧મી નવેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, પંચમહાલ, મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ ૨૨૦૦ જેટલી વધુ બસો દોડાવવામાં આવશે.

રાજ્યના સૌરાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ પણ ખાસ કરીને કે જેઓ દિવાળીના તહેવારમાં માદરે વતન તરફ પ્રવાસ કરે છે. મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્ર વાસીઓ તથા રાજ્યની અન્ય જનતા માટે સુરતથી ખાસ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસ નિગમની વિભાગીય કચેરીનાં ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ ઉપરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે તથા મુસાફરોને બ્દોની વિશેષ પુછપરછ માટે નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬ ૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે.

આ વર્ષે એસ. ટી. વિભાગે ચેલેન્જ સ્વીકારી તા.૨જી નવેમ્બર થી ૧૦મી નવેમ્બર દરમિયાન દૈનિક ૧૫ બસોનો વધારો કરીને ૧૦૧ નવી એસ. ટી. બસો પ્રજાની સેવામાં મુકવામાં આવનાર હોવાની વિગતો આપી હતી. નિગમ દ્વારા વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની એસ.ટી.બસોનું સંચાલન કરી રાજ્યની જનતાને પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવા પરિવહન સેવા પુરી પાડે છે.

ખંભાળાની હોસ્ટેલમાં જસદણના છાત્રનો આપઘાત

મૃતક રિધમ રોજાસરા ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો, બારીમાં ટુવાલ બાંધી ગળાફાંસો ખાધો

રાજકોટ,તા.૨૮

રાજકોટ નજીક ખંભાળાની હોસ્ટેલમાં જસદણના ૧૬ વર્ષીય છાત્રએ આપઘાત કરી લીધો હતો. મૃતક રિધમ રોજાસરા એસઓએસ સ્કૂલમાં ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો હતો, બારીમાં ટુવાલ બાંધી ગળાફાંસો ખાધો હતો. તેના માતા - પિતા બંને કડુકા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવે છે. એક ફાટેલી સ્યુસાઇડ નોટના કટકા મળ્યા છે. જેના આધારે કારણ જાણવા પોલીસ તપાસ હાથ ધરી છે. સગીરના મોતથી પરિવારમાં શોક છવાયો છે.જાણવા મળતી વિગત મુજબ, જસદણના કડુકા ગામે રહેતા અને સરકારી શિક્ષક તરીકે નોકરી કરતા સુરેશભાઈ રોજાસરાનો મોટો દીકરો રીધમ (ઉ.વ.૧૬) રાજકોટ નજીક પડધરી તાલુકાના ખંભાળા ગામ પાસે આવેલી સ્કૂલ ઓફ સાયન્સ (એસ.ઓ.એસ.)માં ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો હતો. રિધમના માતા પણ શિક્ષક છે. ગઈકાલે બપોરે સ્કુલની રીસેસ પડતા છાત્રો સ્કુલ અને આજુબાજુ તેમજ પોતાના ઝૂમે ગયા હતા. જ્યારે રીધમ પણ પોતાના ઝૂમમાં ગયો હતો. રીસેસ પુરી થયા બાદ રિધમ પરત પોતાના ક્લાસમાં આવ્યો નહોતો.સ્કુલમાં તેની ગેરહાજરી દેખતા શાળાના કર્મીઓ તેના ઝૂમે તપાસ કરવા પહોંચ્યા હતા. પરંતુ રિધમના ઝૂમનો દરવાજો બંધ હતો. ખખડાવવા છતાં ન ખોલતા અંતે દરવાજો તોડીને જોતા રિધમ બારીના એંગલ સાથે ટુવાલ બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો. તેને તત્કાલ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જાણ થતાં પડધરી પોલીસના હેડ કોન્સ્ટેબલ પુનીતભાઈ અગ્રાવતે રાજકોટ પહોંચી જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ માટે ખસેડ્યો છે.

રાજકોટમાં બે મિત્રોએ 'તરતા આવડે છે કે નહીં' જોવા પાણીમાં પડયા, ડૂબી જવાથી એકનું મોત

રાજકોટ,તા.૨૮

રાજકોટમાં કણકોટ નજીક રામનગર પુલ નીચે પાણીમાં ડૂબી જવાથી વિનોદ રાઠોડ નામના ૪૦ વર્ષીય યુવાનને મોતને ભેટવાનો વખત આવ્યો છે. તરતા આવડે છે કે નહિ તેમ કહી બે મિત્રોએ પાણીમાં છલાંગ લગાવતા એકનું ડૂબી જવાથી મોત નીપજ્યું છે. જે બાદ મૃતદેહને ફાયર વિભાગે બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડતા પોલીસે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. બન્ને મિત્રો દારૂના નશામાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

શહેરના કાલાવડ રોડ પર કણકોટ નજીક રામનગર પુલ પાસે બે મિત્રોએ તરતા આવડે છે કે નહીં તે જોવા માટે પાણીમાં ઝંપલાવ્યું હતું. જેમાંથી એક યુવાન પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને અન્ય એકનો બચાવ થઇ ગયો હતો. જે બાદ બનાવ અંગે જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર વિભાગ સ્ટાફ કણકોટ ગામથી આગળ રામનગર પુલ પાસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહની શોધખોળ હાથ ધરી હતી અને લગભગ અડધો કલાકની જહેમત બાદ મૃતદેહને પાણીમાંથી શોધી બહાર કાઢી તાલુકા પોલીસને બનાવ અંગે જાણ કરી હતી.

પોલીસ તપાસમાં પાણીમાં ડૂબેલ યુવાન કણકોટ ગામનો રહેવાસી વિનોદ માવજીભાઈ રાઠોડ (ઉ.વ.૪૦) હોવાનું સામે આવ્યું હતું. હાલ તો પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આસપાસના એકઠા થયેલ લોકોએ પોલીસ સમક્ષ કરેલ ચર્ચા મુજબ બન્ને મિત્રો દારૂના નશામાં હતા જેથી તેઓએ નશો કર્યો હતો કે કેમ તે અંગે વિગત પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જાણી શકાશે.

ભાયું ભાગનો પ્લોટ અમારે વેચી નાખવો છે તમે કેમ વેચવા દેતા નથી કહીં પિતા-પુત્ર પર હુમલો

વૃધ્ધ ગોરધનભાઈ અને તેના પુત્ર પર સગા તેના નાના ભાઈ અને ભત્રીજાઓ ધારીયા અને પાઈપથી તૂટી પડ્યાઃ સારવારમાં રાજકોટ ખસેડાયાઃ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ,તા.૨૮

વાંકાનેરના રાતીદેવડી ગામમાં ભાયું ભાગનો પ્લોટ વેંચવા મામલે ૮૦ વર્ષના વૃધ્ધ અને તેના પુત્ર પર સગા ભાઈ અને ભત્રીજાએ ધારીયા અને પાઈપથી હુમલો કરતાં બંનેને સારવારમાં રાજકોટ ખસેડાયા હતાં. બનાવ અંગે વાંકાનેર પોલીસમથકે ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે વાંકાનેરના રાતીદેવડી ગામે રહેતાં ગોરધનભાઇ સોમાભાઇ વારા (ઉ.વ.૮૦) એ આરોપી તરીકે પરસોત્તમ સોમા વોરા, વિજય વોરા અને હરેશ વોરાનું નામ આપી જણાવ્યું હતું કે, ગઇ કાલ રાત્રીના તેઓ તેના મોટા ભાઈ દેહાભાઇના ઘરે બેસવા માટે જતાં હતાં ત્યારે તેમના ઘર પાસે તેના નાના ભાઇ પરશોત્તમનો દીકરો હરેશ પાસે આવી અને કહેલ કે, ભાયું ભાગનો મકાનનો પ્લોટ અમારે વેચી નાખવો છે તમે કેમ વેચવા દેતા નથી કહી ગાળો આપવા લાગેલ અને પાછળથી પરશોત્તમ તથા તેનો બીજો દીકરો વિજય આવી ગયેલ અને પાઇપ અને ધારીયા વડે હુમલો કરી દિધો હતો. દરમિયાન ફરિયાદીનો પુત્ર મનહર બનાવ સ્થળે દોડી આવેલ અને તેને પણ કપાળના ભાગે પાઇપ મારી દિધો હતો. બાદમાં આસપાસમાંથી લોકો દોડી આવતા હુમલો કરનાર નાસી છૂટ્યા હતાં. તેમજ ગંભીર રીતે ઘવાયેલા પિતા-પુત્રને ૧૦૮ મારફતે સારવારમાં પ્રથમ વાંકાનેર અને બાદમાં રાજકોટ ખસેડાયા હતાં. બનાવ અંગેની ફરિયાદ પરથી વાંકાનેર પોલીસે ગુનો નોંધી ત્રણેય આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

ક્રાઈમ કોર્નર

સરધારમાં શેઢા અને ઝાડ કાપવાના મુદ્દે બે ખેડૂત પરિવાર વચ્ચે મારામારી

રાજકોટ તાલુકાના સરધાર ગામે મોટી વાડી તરીકે ઓળખાતા વાડી વિસ્તારમાં બે ખેડૂત પરિવાર વચ્ચે મારામારી સર્જાઇ હતી. વલ્લભભાઈ મોહનભાઈ ઢાકેચા નામના વૃદ્ધે કિશોર જેરામ ઢાકેચા, સંદીપ કિશોર ઢાકેચા સામે ઝાડ કાપવાના તેમજ દીવાલ પરના પથ્થરો પાડી દેવાના મુદ્દે ઝઘડો કરી લાકડીથી હુમલો કરી માથામાં ઘા ઝીંકી ઈજા પહોંચાડ્યાની, જ્યારે સંદીપ કિશોરભાઈ ઢાકેચા નામના યુવાને વૃદ્ધ સાથે વાડીના શેઢા અને ચાલવાના રસ્તાના મુદ્દે લાકડીથી માર મારી ઈજા પહોંચાડ્યાની વળતી ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

મોવિયા- શ્રીનાથગઢ વચ્ચે બાઇક યુટિલિટી અથડાતા એકનું મોત

ગોંડલના મોવિયા અને શ્રીનાથગઢ વચ્ચે બપોરના સુમારે એક બાઇક અને યુટીલીટી પીકઅપ વાહન સામસામે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં બાઇક ચાલકનુ ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ.અને યુટીલીટી પલ્ટી ખાઈ ગઇ હતી.મોટી ખીલોરી રહેતા દિલીપભાઈ ગોકળભાઇ પદમાણી ઉ.વ.૫૦ બપોર ના સુમારે બાઇક લઈ ગોંડલ આવી રહ્યા હતા.ત્યારે શ્રીનાથગઢ મોવિયા વચ્ચે યુટીલીટી સાથે અથડાતા ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે જ તેમનુ મોત નિપજ્યું હતું. અકસ્માત થતા યુટીલીટી પણ રોડ ઉપરથી પલ્ટી ખાઈ ગઇ હતી. જેમા ચાલક ને સામાન્ય ઈજા પંહોચી હતી. દિલીપભાઈ ખેતીકામ કરતા હતા. તેમને સંતાનમાં બે દિકરા અને એક દિકરી હોવાનુ જાણવા મળ્યું હતુ.

નશામાં ગાળો બોલવાની ના પાડતાં યુવક પર હુમલો કરાયો

ગોંડલ તાલુકાના ભૂણાવા ગામે દારૂના નશામાં એક શખ્સ ગંદી ગાળો બોલતો હોઇ, તેને ના પાડવા અને ટપારવા જતાં યુવકને કડવો અનુભવ થયો હતો અને નશાખોર શખ્સે હાથાપાઇ કરી લેતાં મામલો ગરમાયો હતો અને પોલીસ મથકે પહોંચ્યો હતો. બીજી તરફ બન્ને યુવાનને ઈજા થતાં સારવારમાં ખસેડવા પડ્યા હતા.ગોંડલના ભુણાવા ગામે દારૂના નશામાં ગાળો બોલતા ભંગારના ધંધાર્થીને કોલેજીયન યુવાને ના પાડતા બંને વચ્ચે મારામારી થઇ હતી. જેમાં બંનેને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.ગોંડલના ભુણાવા ગામે રહેતા અને કોલેજમાં અભ્યાસ કરતા ભુપેન્દ્રસિંહ જગદીશસિંહ જાડેજા (ઉ.વ.૨૯) અને સુખપાલ રવિહત શર્મા (ઉ.વ.૩૦) વચ્ચે મારામારી થઈ હતી.જેમાં બંનેને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં સુખપાલ મૂળ હરિયાણાનો વતની છે. અને ભુણાવા ગામે ભંગારનો ધંધો કરે છે. દારૂના નશામાં સુખપાલ ગાળો બોલતો હતો. જેથી ભુપેન્દ્રસિંહ જાડેજાએ ગાળો બોલવાની ના પાડતા બંને વચ્ચે ડખ્ખો થતા મારામારી થઈ હોવાનું જાણવા મળ્યું છે.

જૂનાગઢમાંથી રાજકોટનો રીઢો તસ્કર ૬૯,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયો

જૂનાગઢમાંથી ક્રાઇમ બ્રાન્ચે રાજકોટનો રીઢો તસ્કરને ૬૯,૫૦૦ના ચોરાઉ મુદામાલ સાથે ઝડપી લઈ ભારે સફળતા મેળવી એ ડિવિઝનના હવાલે કર્યો હતો. ૨૪ ઓક્ટોબરે ધોળા દિવસે જુનાગઢ સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ ક્વાર્ટરમાંથી રૂપિયા ૪.૪૦ લાખની માલમતાની ચોરી થયાની ફરિયાદ થઈ હતી. જુનો ભેદ ઉકેલવા ડીઆઈજી નિલેશ ઝાઝડીયા અને એસપી હર્ષદ મહેતાની સુચનાથી ક્રાઇમ બ્રાન્ચના પી.આઈ જે. જે. પટેલ અને તેમના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ઘરફોડ ચોરીને અંજામ આપતો એક ઇસમ શંકાસ્પદ હાલતમાં જુનાગઢ શહેરમાં ગિરનાર દરવાજા નજીક આટાફેરા કરતો હોવાની બાતમી મળતા ક્રાઇમ બ્રાન્ચ તેને પકડી લઈ પૂછપરછ હાથ ધરતા આ શખ્સ મૂળ જસદણનો હાલ રાજકોટમાં ગોંડલ ચોકડી પાસેના ગુલાબનગરમાં રહેતો પ્રદીપ ઉર્ફે પદીયો કાળુ પઢારીયા રીઢો તસ્કર હોવાનું ખુલ્યું હતું. આ ઇસમ પાસેથી પીળી ધાતુનો ચેન, સોનાની લેડીઝ ત્રણ વીટી, સોનાની કાનની બુટ્ટી, પેન્ડલ અને રૂપિયા ૭૦૦૦ની રોકડ વગેરે મળી કુલ રૂપિયા ૬૯,૫૦૦નો મુદ્દામાલ મળી આવતા કબજે કરવામાં આવ્યો હતો. આ ઇસમના ઝડપાવાથી જૂનાગઢની એક અને રાજકોટ સીટી ગાંધીગ્રામ વિસ્તારની બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો હતો. પૂછપરછમાં આ તસ્કરે જૂનાગઢની ચોરી ઉપરાંત રાજકોટમાં મેટોડા જીઆઇડીસીના કારખાનાની ચોરી, નંટી કોમ્પલેક્ષના ફલેટમાંથી, આકાશવાણી સ્ટાફ ક્વાર્ટર, આજીડેમ ચોકડી પાસે મોબાઇલની દુકાનમાંથી અને રાજકોટમાં મોરબી રોડ ઉપર આવેલ ફ્લેટમાંથી કુલ મળીને ૭ ચોરીની કબુલાત કરી હતી.

રૂપિયા પડી ગયા છે તેવું કહી નજર ચૂકવી કારમાંથી લેપટોપની ઉઠાંતરી

પોલીસે CCTV ફૂટેજના આધારે આરોપીઓની શોધખોળ હાથ ધરી

રાજકોટ,તા.૨૮

પંચનાથ હોસ્પિટલ નજીક કાર લઈને જતા યુવાનને રૂપિયા પડી ગયા છે તેવું કહી એક શખસ ચાલતો થયો ને આ જ સમયે બીજો શખ્સ આવી કારમાં રહેલ લેપટોપ લઇ નાસી જતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં CCTV ફૂટેજ સામે આવતા તેના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

શહેરના રાજનગર સોસાયટી શેરી નં.૩માં રહેતા મનોજભાઇ રતનસીંગ ભટ્ટી (ઉ.વ.૪૯)એ એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમને જણાવ્યું હતું કે, પોતે ટેક્ષટાઇલ ઓફિસમાં નોકરી કરે છે. ગઇકાલે બપોરે પોતે ઓફિસે હતા ત્યારે શેઠ દિપકભાઇ બાવીસી આવ્યા અને કહેલ કે 'મારી ક્રેટા કાર મે પંચનાથ હોસ્પિટલ પાસે શેરીમાં રાખી છે તો ત્યાંથી પાર્ક કારમાંથી લેપટોપ લેતા આવજો. બાદમાં પંચનાથ હોસ્પિટલ પાસે કારનો ડ્રાઇવર સાઇડનો દરવાજો ખોલીને પોતે ડ્રાઇવર સીટ ઉપર બેસવા જતા હતા. આ દરમિયાન એક શખસ સામેથી ચાલીને આવતો હોઇ તેણે કહેલ કે 'તમારા રૂપિયા નીચે પડી ગયેલ છે'.

બાદમાં તેમણે ડ્રાઇવર સાઇડના દરવાજા પાસે નીચે રોડ પર જોયુ તો દસ રૂપિયાની અને વીસ રૂપિયાની દસ-બાર નોટો પડેલી હતી. જેથી પોતે કારમાંથી નીચે ઉતરીને આ રૂપિયા ભેગા કરીને પોતે લઇ લીધા બાદ તેઓ કાર લઇને નીકળી ગયા હતા. બાદમાં કારમાં લેપટોપ બેગ જોવા મળી ન હતી. આ અંગે શેઠને જાણ કરતા તેમણે જણાવ્યું કે કારમાં લેપટોપ બેગ હતી. બાદમાં તેમણે રૂપિયાવાળી વાત યાદ આવતા જે જગ્યાએ કાર પડી હતી તે જગ્યાની આસપાસ કેમેરા જોતા બે શખસો જોવા મળ્યા હતા.

CCTVમાં જોતા એક શખસે રૂપિયા પડી ગયાનું કહ્યા બાદ તે જતો રહ્યો હતો અને બાદમાં બીજો શખસ કારની પાછળનો દરવાજો ખોલી લેપટોપ સાથેનું બેગ લઇને જતો જોવા મળ્યો હતો. જેના આધારે એ ડીવીઝન પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી CCTV ફૂટેજના આધારે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

જેતપુરમાંથી સગીરાનું લગ્નની લાલચે અપહરણ

રાજકોટ,તા.૨૮

જેતપુરમાંથી મૂળ પાટણ પંથકના શ્રમિક પરિવારની સગીરાને લગ્નની લાલચ આપી પાટણ પંથકનો જ મહેશ નામનો શખ્સ અપહરણ કરી ભાગી છૂટતાં જેતપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. બનાવ અંગે જેતપુરમાં રહેતાં મૂળ પાટણ પંથકના શ્રમિક વૃધ્ધે જણાવ્યું હતું કે, હું પરીવાર સાથે જેતપુરમાં છેલ્લા આશરે ૨૫ વર્ષથી રહે છે. મારે સંતાનમાં પાંચ પુત્ર અને એક પુત્રી છે. જેમાં સૌથી નાની દીકરી ૧૬ વર્ષની છે.ગઇ તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ હું મારી પત્નિ તથા મારી દીકરી ઘરે હતા અને રાતના બધા ઘરે સાથે જમીને સુઇ ગયેલ બાદ તા.૧૧/૧૦/૨૦૨૩ વહેલી સવારના પાંચેક વાગ્યે હું જાગેલ તે વખતે જોયુ તો મારી દીકરી તેની પથારીમાં ન હતી. અને અમારા ઘરનો મોબાઇલ ફોન પણ ન હતો. જેથી મેં મારી પત્નિને તથા દીકરાઓને જગાડીને વાત કરતાં આજુબાજુમાં તપાસ કરેલ પરંતુ મારી પુત્રીનો કોઇ પતો મળેલ નહી અને ફોન કરતા મોબાઇલ બંધ આવેલ ત્યાર બાદ અમારી રીતે મારી દીકરીની તપાસ કરેલ અને અમને શંકા હતી કે,મહેશ રામ ગોતકીયા અગાઉ અમારા ઘરે પણ આવતો હતો અને મારી દીકરી સાથે પણ વાતો ચીતો કરતો અને ખરાબ નજરે જોતો હોવાની તેને અમારા ઘરે આવવાની ના પાડેલ હતી. જેની ઘરે કરતા જાણવા મળેલ કે, તે કચ્છમાં રહેતી તેના બહેનના ઘરે રહે છે. તેમજ તેના મોબાઇલમાં સંપર્ક કરતાં તે બંધ આવેલ હતો અને કચ્છ તપાસ કરતાં તે ત્યાં પણ ન હોવાનું જાણવા મળ્યું હતું. જેથી મહેશ ફરિયાદીની સગીર પુત્રીને લગ્નની લાલચ આપી અપહરણ કરી ગયાની ફરીયાદ નોંધાવી હતી.

રાજકોટમાં કરોડોનું ફુલેકું ફેરવનારનું ૭ લોકોએ બોપલમાં અપહરણ કરી ૧૦ કરોડ ખંડણી માંગી

વેપારીના મિત્રે અપહરણકારોને પૈસા પહોંચાડવાનો વાયદો કરતા છુટકારો થયો

રાજકોટ,તા.૨૮

રાજકોટમાં બે વર્ષ પૂર્વે બે ટ્રેડિંગ અને એક કો. ઓપ. સોસાયટી બનાવી કરોડોનું ફુલેકું ફેરવનાર પ્રદીપ ડવેરાનું બોપલમાંથી સાત લોકોએ અપહરણ કરી ૧૦ કરોડની ખંડણી માગી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ૩૨ વર્ષીય પ્રદીપ સારવાર માટે અમદાવાદના બોપલમાં આવ્યો હતો. ડોક્ટરને સમય લાગે તેમ હોવાથી તે મિત્રને મળવા જતો હતો તે સમયે શીલજના સ્વાતિ ક્લોવર બિલ્ડિંગમાં સાત લોકોએ તેનું અપહરણ કરી રૂ.૧૦ કરોડની ખંડણી માગી હતી. જોકે તેના મિત્રે પૈસા આપવાનો વાયદો કરતા તેનો છુટકારો થયો હતો.

રાજકોટમાં રહેતા પ્રદીપ ડવેરાએ બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તે પોતે કેબિન ભાડે આપવાનો ધંધો કરે છે. સ્નાયુમાં દુખાવો થતો હોવાથી તે અમદાવાદના બોપલ ખાતે સારવાર કરાવવા આવ્યો હતો. ડોક્ટરને સમય લાગે તેમ હોવાથી તે તેના મિત્રને મળવા ગયો હતો. તે મિત્રને મળીને પરત હોસ્પિટલ જવા નીકળ્યો હતો ત્યારે બેઝમેન્ટમાં કેટલાક શખ્સોએ આવીને તેનું અપહરણ કર્યું હતું અને એક અજાણી જગ્યાએ લઈ જઈને ખાટલા સાથે બાંધી દીધો હતો. બાદમાં આ અપહરણકારોએ 'તું ઘણા પૈસા કમાયો છે, રૂ.૧૦ કરોડ આપવા પડશે, નહિ તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી હતી. સાથે જ અપહરણકારોએ દુબઈના મોનિલને ફોન કરતા તેણે પણ ધમકી આપતા પ્રદીપના ગળા પર છરી મૂકીને તેમના મિત્ર સાથે ફોન પર વાત કરાવી હતી. જોકે પ્રદીપના રાજકોટમાં રહેતા મિત્ર સાગર કુગશિયા પૈસા આપવાનો વાયદો કરતા સાતેય પ્રદીપને પરત સ્વાતિ ક્લોવર બિલ્ડિંગના બેઝમેન્ટમાં ઉતારીને ફરાર થઈ ગયા હતા.

પ્રદીપે બોપલ પોલીસ સ્ટેશનમાં જોગાવા ઉર્ફે ભૂરો, પ્રકાશ ઉર્ફે લાલા, રામભાઈ ભરવાડ, સલ્લુ ભરવાડ, કાન્તિલાલ ભેંસદળિયા, ભૂપત ભરવાડ અને મોનિલ નાકરાણી નામની વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી તમામની શોધખોળ શરૂ કરી છે.

પ્રદીપે બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, પ્રદીપને લાંબા સમયથી સ્નાયુઓનો દુખાવો થતો હોવાથી પોતાની કારમાં શીલજ સર્કલ પાસેની એક હોસ્પિટલમાં દવા લેવા આવ્યો હતો. દવા લઈને તે પોતાની ગાડીમાં બેસવા જતો હતો ત્યાં જ એક સફેદ રંગની નંબર વગરની અને કાચ પર ડાર્ક ફિલ્મ લગાવેલી કાર આવી હતી, જેમાંથી ચાર લોકો ઊતર્યા હતા અને તેઓ પ્રદીપને કહેવા લાગ્યા હતા કે, 'તું અમારી ગાડીમાં બેસી જા, નહિતર અહીંયાં જ જાનથી મારી નાખીશું.'આટલું કહી બળજબરીપૂર્વક કારમાં બેસાડી દઈ અજાણી વરંડાવાળી જગ્યાએ લઈ ગયા હતા, જ્યાં ગાયો, ભેંસો ઘોડા બાંધેલા હતા. ત્યાર બાદ ચારેયે પ્રદીપને કારમાંથી ઉતારી ખાટલા સાથે બાંધી દીધો હતો અને તમામ તેને ગાળો બોલતા હતા. ત્યાર બાદ સુરેશ જોગવા નામની વ્યક્તિએ ફોન કરતા બીજા બે માણસો આવ્યા હતા, જેમાંથી એક રાજકોટનો કાંતિભાઈ અને બીજો ભરવાડ નામનો શખ્સ હોવાની અંદરોઅંદર વાતચીતથી જાણવા મળ્યું હતું.

રાજકોટમાં બે ટ્રેડિંગ કંપની અને એક કો. ઓપરેટિવ સોસાયટીના નામે પ્રદીપ અને તેના ભાગીદારોએ સામાન્ય અને ગરીબ પરિવારના હજારો લોકો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવ્યા હતા. ઊંચા વળતરની લાલચ આપી અનેક લોકોને ફસાવ્યા હતા. વર્ષ ૨૦૨૧માં આખું કૌભાંડ બહાર આવ્યા બાદ પ્રદીપ સામે અનેક ગુનો નોંધવામાં આવ્યા હતા. આ પ્રકરણમાં પોલીસે સીટની પણ રચના કરી હતી.

ટ્રાન્સફોર્મર પર રિપેરિંગ કામ કરી રહેલા લાઇનમેનને વીજકરંટ લાગતાં મોત

રાજકોટ,તા.૨૮

ગોંડલ ની સુરેશ્વવર ચોકડી પાસે ખેતરમાં ટ્રાન્સફોર્મર રીપેરીંગ કરી રહેલા આસી.લાઇનમેન ને વીજળીનો જોરદાર કરંટ લાગતા તેનુ કરુણ મોત નિપજયુ હતુ.સાથે રહેલા અન્ય લાઇનમેન ને પણ ઇજા પહોંચી હતી.બનાવના પગલે હોસ્પિટલ દોડી ગયેલા પરિવારજનોએ અધિકારીઓની બેદરકારીથી મૃતક નો ભોગ લેવાયાનો આક્ષેપ કરી મૃતદેહ નહી સ્વીકારતા હોબાળો મચી ગયો હતો.બાદમા અધિકારીઓની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.બીજી બાજુ ફરજ પર ના તબીબે પીએમ કરવાની ના કહી ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડવા તજવીજ કરતા ફરીવાર વાતાવરણ ગરમ બન્યુ હતુ.

પ્રાપ્ત વિગત મુજબ સહજાનંદ નગરમાં રહેતા અને પીજીવીસીએલ ગ્રામ્યમાં આસી.લાઇનમેન ની ફરજ બજાવતા વિજયભાઈ દેવજીભાઈ દેરવાણી ઉ.૪૫ તથા અન્ય લાઇનમેન રવિભાઈ મહેતા સવારે સાડા અગીયાર ના સુમારે સુરેશ્વવર ચોકડી પાસે કડવાભાઇ રૈયાણીના ખેતરમાં આવેલા ટ્રાન્સફોર્મરમાં રીપેરીંગ કરી રહ્યા હતા ત્યારે શોર્ટ લાગતા વિજયભાઈનુ ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. જ્યારે રવિભાઈને સામાન્ય ઈજા પહોંચી હતી.

વિજયભાઈના મૃતદેહ ને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાતા વિજયભાઈ ના ભાઇ અરુણભાઇ સહિત પરિવાર હોસ્પિટલ દોડી ગયો હતો અને જવાબદારો પર પગલા નહી ભરાય ત્યા સુધી મૃતદેહ નહી સ્વીકારાય તેવુ કહેતા વાતાવરણ ગરમ બન્યુ હતુ.દરમિયાન પીજીવીસીએલ ના કાર્યપાલક ઇજનેર ગોહેલ, એસ સી. હીરાણી,વી.જી.મારકણા, ધડુક સહિતનો સ્ટાફ હોસ્પિટલ દોડી ગયો હતો. અને પરિવાર સાથે સમજાવટથી વાત કરતા આખરે મૃતદેહ સ્વીકારાયો હતો .

એકબાજુ બપોરના બાર વાગ્યાથી ઉગ્ર બનેલો મામલો છેક પાંચ વાગ્યે શાંત પડ્યો હતો ત્યાં હોસ્પિટલના તબીબ ડો.પ્રેમ દ્વારા મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડવા તજવીજ કરાતા મામલો ફરી બીચકયો હતો દરમિયાન આગેવાનો રાજેન્દ્રસિંહ જોડેજા તથા દિનેશભાઈ માધડે તબીબનો ઉધડો લેતા અંતે મૃતદેહનુ પીએમ

આજે વડાપ્રધાન મોદી લિખિત ગરબા પર વર્લ્ડ રેકોર્ડ: ૧ લાખથી વધુ ખેલૈયા ગરબે ઘૂમશે

રાજકોટમાં ૫ લાખ સ્ક્વેર મીટર ગ્રાઉન્ડમાં ૨ લાખ વોટની સાઉન્ડ સિસ્ટમ પર 'માડી' ગરબો ગુંજશે, પાર્થિવ ગોહિલ ૧ લાખ લોકોને ઝુમાવશે: ડ્રગ્સ વિરોધી મહા અભિયાનની ઝુંબેશનો પ્રારંભ કરાશે

રાજકોટ.તા.૨૮

આજે શરદ પૂનમના દિવસે રાજકોટમાં વડાપ્રધાન મોદી લિખિત 'માડી' ગરબાના તાલે ૫ લાખ સ્ક્વેર મીટર ગ્રાઉન્ડમાં ૨ લાખ વોટની સાઉન્ડ સિસ્ટમ પર કુલ ૧ લાખ કરતાં વધુ ખેલૈયાઓ ગરબે ઘૂમશે. આ કાર્યક્રમનો ગિનિશ બુક સહિતની જુદી-જુદી બુકમાં વર્લ્ડ રેકોર્ડ નોંધાશે. હાલ ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરા સહિતનાઓની આગેવાનીમાં આ કાર્યક્રમ માટે હાલ રેસકોર્સ ગ્રાઉન્ડમાં તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. શહેરમાં યોજાનાર ઐતિહાસિક કાર્યક્રમને લઈને હાલ લોકોમાં પણ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ અને ઈન્ક્રેડિબલ ગ્રૂપ દ્વારા 'માડી' ગરબા પર ૧ લાખ લોકોના રાસનો અદભુત કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમને 'માડી' નામ આપવામાં આવ્યું છે અને તેમાં ગરબા રમવાનો વર્લ્ડ રેકોર્ડ થશે. રેસકોર્સ મેદાનમાં એકસાથે એક લાખ લોકો વડાપ્રધાન મોદી લિખિત 'માડી' ગરબા પર રાસ રમશે. આ કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ તથા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહેશે અને બોલિવૂડ સિંગર

તસવીરઃ પંકજ ડાભી

તેમજ ગરબા સ્પેશિયાલિસ્ટ પાર્થિવ ગોહિલ આ ગરબાના તાલે ૧ લાખ લોકોને ઝુમાવશે. આ કાર્યક્રમ માટે હાલ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. આજે રાત્રે રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજાનારા આ કાર્યક્રમમાં ૫ લાખ સ્ક્વેર મીટર ગ્રાઉન્ડમાં ૨ લાખ વોટની સાઉન્ડ સિસ્ટમના સથવારે એક લાખ કરતાં પણ વધુ લોકો ગરબે ઘૂમી વર્લ્ડ રેકોર્ડ સર્જશે. જેમાં ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં લંડન તથા ઈન્ડિયન ટ્રેડિશનલ બુક ઓફ રેકોર્ડમાં તેને સ્થાન મળશે. આ વર્લ્ડ રેકોર્ડ બ્રેક ગરબાની સાથે ડ્રગ્સ મુક્ત રાજકોટ અભિયાન દ્વારા ડ્રગ્સ સામે સરકારની લડાઈમાં સમાજ પણ જોડાશે. આ ડ્રગ્સ વિરોધી મહા અભિયાનની ઝુંબેશનો પણ આ તકે પ્રારંભ કરવામાં આવશે. હાલ ગુજરાતમાં હાર્ટ એટેકના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમમાં કોઈ પણ અનિચ્છનીય ઘટના બને નહીં તે માટે કાર્યક્રમના સ્થળ ઉપર ૩૦ મેડિકલ ટીમ અને ૧૦ એમ્બ્યુલન્સની સેવા ઉપલબ્ધ કરાશે. જેમાં રાજકોટની જાણીતી ગાર્ડી વિદ્યાપીઠ સંલગ્ન આર.એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલ, એચ.વી. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ, એલ.આર. શાહ હોમિયોપેથી, વી.એમ. મહેતા આયુર્વેદ વિભાગના ૧૦૦ જેટલા ડોક્ટર્સ અને ૧૦૦થી વધુ નર્સિંગ સ્ટાફ ખેલૈયાઓની સ્વાસ્થ્ય સુરક્ષા માટે તહેનાત રહેશે. સ્થળ પર તમામ ઈમર્જન્સી પ્રોટોકોલ જળવાશે. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં ૨૦થી વધુ સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવશે. ૫૦૦થી વધુ સ્વયં સેવકો ગ્રાઉન્ડમાં ઉપસ્થિત રહેશે. તેમજ ૧૦ એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય રાખવામાં આવશે. આયોજકો દ્વારા રાજકોટના શૈક્ષણિક, સામાજિક, રાજકીય, મેડિકલ, ઉદ્યોગ જગત તેમજ વ્યવસાયિક ક્ષેત્રના ૬૦૦થી વધુ **VVIP** અને ૩૦૦૦થી વધુ **VIP** મહેમાનોને ખાસ નિમંત્રિત કરાયા છે. તેઓ પણ રાસોત્સવમાં પણ ભાગ લઈ શહેરીજનોને પ્રોત્સાહિત કરશે. સમગ્ર આયોજનનું માઈક્રો પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે.

રાજકોટમાં ઓટોપાર્ટસના ૯ વેપારીને ત્યાં સતત બીજા દિવસે દરોડા ચાલુ

અમદાવાદ-સૂરતમાં મોબાઈલ એસેસરીઝના ૩૪ વેપારીઓ ઝપટે : અમદાવાદ GST ની ટીમોની તપાસઃ રાજકોટના ઈન્સ્પેકટરોને બોલાવાયા

રાજકોટ તા. ૨૮ :

અમદાવાદમાં-૨૫ તથા સૂરતમાં ૯ સ્થળે મોબાઈલ એસેસરીઝના ધંધાર્થીઓ ઉપર **GST** અન્વેષણ દ્વારા બે દિ'થી દરોડાનો દોર શરૂ કરી ૪ કરોડની કરચોરી ઝડપી લીધા બાદ ગઈકાલ સાંજથી રાજકોટમાં ઓટોપાર્ટસના ૯ વેપારીને ત્યાં અમદાવાદની ટીમો ત્રાટકી છે, અધિકારી સૂત્રોના કહેવા મુજબ રાજકોટમાં ઓપરેશન રાજકોટનું નહિ પણ, અમદાવાદની ટીમોનું છે, રાજકોટના ઈન્સ્પેકટરોને સાથે રખાયા છે, રાજકોટમાં પણ ૨ થી ૩ ઓટોમોબાઈલ-પાર્ટસના વેપારીને ત્યાં બોગસ બીલો અંગેની વીગતો બહાર આવતા બુકસ ઓફ એકાઉન્ટસ જમ કરાયા છે, આજે સતત બીજા દિવસે પણ દરોડો ચાલૂ હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે ખંડગ્રાસ ચંદ્રગ્રહણ નિમિત્તે સોમનાથ, દ્વારકા, ગિરનાર-અંબાજી સહિતના મંદિરોમાં અનુષ્ઠાનોમાં બ્રેક

મંદિરોમાં દર્શનના સમયમાં ફેરફાર : ગ્રહણનો પુણ્યકાળ ગ્રહણ સ્પર્શથી ગ્રહણ મોક્ષ સુધી રહેશે

રાજકોટ તા. ૨૮ :

સૌરાષ્ટ્રમાં આજે ચંદ્રગ્રહણ નિમિતે સોમનાથ, દ્વારકા, ગિરનાર, અંબાજી સહિતના મંદિરોમાં ગ્રહણવેધ સ્પર્શથી મોક્ષ સુધી નિયમિત થતી પુજાઓ-આરતી સહિતનો ઉપક્રમ સ્થગિત રહેશે. સવારની આરતી થયા બાદ પૂજાપાઠના કાર્યક્રમો થશે નહિ.

રાજકોટમાં સદગુરૂ આશ્રમ, નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ સહિતના મંદિરો તથા જિનાલયોમાં ચંદ્રગ્રહણના કારણે આરતી સહિતના કાર્યક્રમો થશે નહિ. સોમનાથ મંદિર સહિતના મંદિરોમાં મધ્યાન્હ આરતી પછી દરેક પૂજાક્રમ બંધ રહેશે. સોમનાથ મંદિર પરિસરમાં દર માસની પૂર્ણિમાએ યોજાતા સુંદરકાંડના પાઠ નિયત સમયે સાંજે ૫.૩૦ કલાકે પ્રારંભ થશે. આવતીકાલે તેના નિયત સમયે તમામ મંદિરો ખુલશે.

દ્વારકાધીશ જગત મંદિરમાં મંગલા આરતી આવતીકાલે સવારે ૫ વાગ્યે થશે. અનોસર સવારે ૧૧ વાગ્યે થશે. ૧૧ થી ૧૨ મંદિર બંધ રહેશે. ઉત્થાપન દર્શન બપોરે ૧૨ વાગ્યે અને શયન (મંદિર બંધ) બપોરે ૩ વાગે થશે આજે ત્રણ વાગ્યાથી મંદિર બંધ રહેશે જે આવતીકાલે સવારે નિત્યક્રમાનુસાર ખુલશે.

ગિરનાર પર બિરાજમાન અંબાજી મંદિરે શરદપૂર્ણિમાના દિવસે પહેલીવાર સવારની આરતી થઇ હતી. બપોર બાદ પૂજા પાઠના કાર્યક્રમો નહિ થાય, આવતીકાલથી નિત્ય સેવા પૂજા, આરતી થશે.

રાજકોટના નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલય આજે બપોરના ૩.૩૦ કલાકથી માંગલિક થશે જે આવતીકાલ તા. ૨૯ના રવિવારે સવારે ૬.૧૫ કલાકે રાબેતા મુજબ ખુલશે તેમ મેનેજીંગ ટ્રસ્ટી ડો. ભરતભાઇ મહેતાએ જણાવેલ છે.

જૂલાઈ-ઓગષ્ટ કરતા ડેંગ્યુમાં ૩ ગણો અને ચિકનગુનિયામાં ૧૦ ગણો ચિંતાજનક વધારો

રાજકોટને ડેંગ્યુ-ચિકનગુનિયાનો ભરડો, વધુ એક વિદ્યાર્થીનું મોત

ઓછા કેસો નોંધતું આરોગ્ય તંત્ર વાસ્તવિકતા જાણવા માંગતું નથી?

રાજકોટ.તા.૨૮

રાજકોટમાં દિવસે કરડતા એડીસ ઈજીપ્ટી મચ્છરોથી ફેલાતો અત્યંત ચેપી ડેંગ્યુ અને ચિકનગુનિયામાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. મનપાના ચોપડે દર સપ્તાહે ડેંગ્યુના ૧૦થી ૧૨ કેસો અને ચિકનગુનિયાના ચાર-પાંચ કેસો નોંધાય છે પરંતુ, ખાનગી દવાખાનાઓ અને હોસ્પિટલોમાં વાસ્તવિક સંખ્યા ઘણી વધુ હોવાની શક્યતા છે. શહેરની જી.ટી.શેઠ ભણતા એક વિદ્યાર્થીનું ડેંગ્યુથી મોત નીપજ્યાનું અને તેના પગલે ગરબાનો કાર્યક્રમ રદ કરાયાનું જાણવા મળે છે.

મનપાના ચોપડે રોગચાળાના કેસો માની ન શકાય એટલા ઓછા નોંધાતા હોય છે છતાં તે આંકડામાં પણ જૂલાઈ-ઓગષ્ટ માસ કરતા સપ્ટેમ્બરથી ડેંગ્યુના કેસોમાં ત્રણ ગણો અને ચિકનગુનિયાના કેસોમાં ૧૦ ગણો વધારો નોંધાયો છે.

આવતીકાલથી મનપા દ્વારા ઝોનવાઈઝ સઘન ફોગીંગ કરવા નિર્ણય લેવાયો છે. (૧) તા.૨૮ના વોર્ડ નં.૧,૨,૪ (૨) તા.૩૦ના વોર્ડ નં.૩,૫,૮ (૩) તા.૧ના વોર્ડ નં.૬,૭,૯ (૪) તા.૨ના વોર્ડ નં.૧૦,૧૩,૧૫ (૫) તા.૩ના વોર્ડ નં.૧૧,૧૪,૧૬ અને (૬) તા.૪ના વોર્ડ નં.૧૨,૧૭,૧૮માં ફોગીંગ કરાશે. ઉલ્લેખનીય છે કે ખુલ્લામાં ધુમાડાથી મચ્છરો મહદ્અંશે દૂર જ ભાગે છે,નાશ પામતા નથી.

મેલેરિયા વિભાગે ચાલુ વર્ષમાં ૧૭ હજાર લોકોને મચ્છર ઉત્પતિ બદલ નોટિસો ફટકારી છે અને આશરે ૫ લાખનો દંડ વસુલ્યો છે. પરંતુ, માત્ર નોટિસ કે નજીવા દંડથી કોઈમાં સુધારો થતો નથી.

રોગચાળાની ચિંતા કરીને મનપાએ દરેક હોસ્પિટલો અને દવાખાનામાં નોંધાતા કેસોનો સર્વે કરાવી, વિગતો મેળવીને દરેક લત્તામાં ખાસ કરીને સ્કૂલો,કોલેજો, સરકારી ઓફિસો, મોલ,સિનેગૃહો સહિતના સ્થળે મચ્છરોનો નાશ કરવા સઘન કાર્યવાહી કરવાની જરૂર છે.

પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવાનને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારાયો

નાના મૌવા વિસ્તારની સીતાજી ટાઉનશીપમાં બનાવ બન્યા પછી મૃતકને હોસ્પિટલમાં ખસેડતા ટૂંકી સારવારમાં દમ તોડ્યો : તાલુકા પોલીસે પાંચ આરોપી સામે હત્યા, મારામારી, રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યા

રાજકોટ, તા.૨૮

રાજકોટમાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવાનને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારાયો હતો. મોડી રાતની ઘટનામાં પોલીસ દોડી ગઈ હતી. અને તમામ આરોપીઓને સકંજામાં લીધા હતા. ૩૨ વર્ષીય મૃતક તૌફીક ઝાહીદભાઈ વજુગરા પાડોશીના ઝઘડામાં સમજાવવા ગયો હતો. અભિષેક ઉર્ફે ભૈયકુ, અક્ષય, આનંદ ઉર્ફે જાંબુઓ, ચિરાગ અને હંસાબેનના આરોપી તરીકે ફરિયાદમાં નામ અપાયા છે. મવડી વિસ્તારની સીતાજી ટાઉનશીપમાં બનાવ બન્યા પછી મૃતકને હોસ્પિટલમાં ખસેડતા ટૂંકી સારવારમાં દમ તોડ્યો હતો. તાલુકા પોલીસે પાંચ આરોપી સામે હત્યા, મારામારી, રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

ફરિયાદ નોંધાવતા મૃતકના પત્ની રિઝવાનાબેન તૌફીકભાઈએ ફરિયાદમાં જણાવ્યું કે, મારા પતિ તૌફિકભાઈ તેના કામ પરથી આવતા શું માથાકુટ છે તે જોવા ઉભા રહ્યા હતા. આ અભિષેક ઉર્ફે ભયકુ પ્રશાંતભાઇ સાથે બોલાચાલી કરી અપશબ્દો દેવા લાગતા મારા પતિએ આ પ્રશાંતભાઈને પૂછ્યું કે શું થયેલ છે. તેમ પુછતાની સાથે આ અભિષેક ઉર્ફે ભયકુએ મારા પતિને કહ્યું કે તું કાંઇ બોલતો નહી નહિતર સારાવટ નહીં રહે. તેમ કહેતા મારા પતિએ આ અભિષેકને કહેલ કે હું તારી સાથે વાત કરતો નથી. તેમ કહેતા આ અભિષેક એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને તેના ફોનમાંથી કોઇને ફોન કરેલ.

આ દરમિયાન હંસાબેન અઘેરા તથા પ્રશાંતભાઇ એક બીજા સાથે માથાકુટ કરતા હતા દરમિયાન આ અભિષેક ઉર્ફે ભયકુનો સગો અક્ષય તથા આનંદ પરમાર ઉર્ફે જાંબુઓ તથા ચિરાગ પતરીયા એમ ત્રણેય બાઈક પર

અહીં આવી ગયા હતા અને આ આનંદ ઉર્ફે જાંબુઆના હાથમાં છરી હોય જે છરીનો સીધો એક ઘા મારા પતિના પેટના ભાગે મારી દીધેલ જેથી મારા પતિ ત્યાં નીચે પડી જ તા આ અભિષેક ઉર્ફે ભયકુ તથા તેના મમ્મી હંસાબેન તથા અભિષેકનો સગો અક્ષય તથા ચિરાગ એમ બધા ઢીકાપાટાનો માર મારી અપશબ્દો કહેવા લાગ્યા હતા.

અમારી વીંગના અન્ય માણસોમાં મારા સગા સલીમભાઇ તથા તેના પત્ની પણ ત્યાં હાજર હોય અને આ મારામારીમાં મારા પતિને આનંદ ઉર્ફે જાંબુએ છરી મારી દીધેલ હોય મારા પતિને પેટમાંથી લોહી નીકળતું હોય જેથી સલીમભાઇના પત્નીએ તેની પાસે રહેલ ચુંદડી મારા પતિના પેટમાં બાંધી દીધેલ અને કોઇએ ૧૦૮ને ફોન કરેલ હોય પરંતુ ૧૦૮ ને આવવામાં વાર લાગતા ત્યાં ફલેટમાં રહેતા મુન્નાભાઈની વેન ત્યાં હાજર હોય તેમાં મારા પતિને પ્રશાંતભાઇ, સલીમભાઇ તથા અન્ય માણસો સરકારી દવાખાને લઇ ગયેલ અને હું પણ પાછળથી સરકારી દવાખાને પહોંચી હતી. અહીં ફરજ પર રહેતા ડોક્ટરે મારા પતિને મૃત જાહેર કર્યા હતા. ગુનાને અંજામ આપી આરોપીઓ નાસી છૂટ્યા હતા. તાલુકા પોલીસ મથકના પી.આઈ. વી. આર. પટેલ તથા રાઈટર કિરીટભાઈ સહિતનો સ્ટાફ, ક્રાઈમ બ્રાંચ, એસઓજીની ટીમ દોડી ગઈ હતી. આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા અને આરોપીઓને સકંજામાં લીધા હતા. પોલીસે ગુનો નોંધ્યો છે.

રાજકોટના કારખાનામાંથી ગેરકાયદે ઉપયોગ લેવાતી ખાતરની ૩૩૭ થેલીઓ ઝડપાઈ

કેમિકલ બનાવવા ઉપયોગ કરાતો હતો, ૯૯ હજારનો મુદ્દામાલ જપ્ત, કારખાનેદાર અશ્વિન સાદરિયા સામે ગુનો દાખલ : ખેતીવાડી વિભાગની કાર્યવાહી

રાજકોટ, તા.૨૮

શહેરના માંડા ડુંગર વિસ્તારમાં એક કારખાનામાંથી ગેરકાયદે ઉપયોગ લેવાતી નીમ ખાતરની ૩૩૭ થેલીઓ ઝડપાઈ હતી. તપાસમાં ખુલ્યું હતું કે, આ ખાતરનો કેમિકલ બનાવવા ઉપયોગ કરાતો હતો. રૂ.૯૯૪૦૪નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. કારખાનેદાર અશ્વિન પ્રભુ સાદરિયા સામે ગુનો દાખલ હતો.આ અંગે વિશાલકુમાર જમનભાઈ બાબરીયા (ઉ.વ.૩૫, રહે. સિદ્ધિ હેરીટેઝ, અંબીકા ટાઉનશીપ મેઈન રોડ, સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં)એ જણાવ્યું કે, હું રાજકોટ નાયબ ખેતીનીયામક વિસ્તરણની કચેરી જે સરકારી પ્રેસની બાજુમાં આવેલ છે તેમાં ખેતી અધિકારી તરીકે ફરજ બજાવું છું. ગઇ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ હું તથા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) વી. પી. કોરાટ અમે બંને રાજકોટ માંડાડુંગર વિસ્તારમાં હતા અને અમને ખાનગી રીતે માહીતી મળેલ હોય કે, સરકારનું સબસીડી વાળુ નીમ યુરીયા ખાતર જેનો વપરાશ ફક્ત ખેતીકામ માટે જ કરવાનો હોય તે નીમ યુરીયા ખાતર એન કેન પ્રકારે મેળવી ઔદ્યોગિક વપરાશમાં ઉપયોગ કરાઈ રહ્યો છે. તેવું જાણવા મળતા, તપાસ કરતા હતા. તેવામાં પરશુરામ ઈન્ડ. એરીયામાં માંડા ડુંગર વિસ્તારમાં આવેલ અજય વે બ્રીજ પાસેના ગિરિરાજ ઈમ્પેકસ નામના કારખાનામાં પીળા કલરના દરવાજા વાળા મોટા ડેલામાં નીમ યુરીયા ખાતરનો જથ્થો પડેલ છે તેવી બાતમી મળી હતી. ત્યાં પહોંચતા સુરેશભાઈ અમરશીભાઈ પટેલ નામની વ્યક્તિ હાજર હતી. તેમને સાથે રાખી ડેલામાં તપાસ કરતા ત્યાં નીમ યુરીયા ખાતરની થેલીઓનો જથ્થો જોવામાં આવેલ.

જેથી સુરેશભાઈને પુછેલ કે, આ નીમ યુરીયા ખાતરનો તમે શું ઉપયોગ કરો છો તો તેણે જણાવેલ કે આ ડેલાનો તથા યુરીયા ખાતરનો માલીક અશ્વિન પ્રભુ સાદરીયા છે. જેથી તેને બોલાવતા થોડી વારમાં અશ્વિન આવી જતા સબસીડી વાળુ નીમ યુરીયા ખાતરનો આવડો મોટો જથ્થો ક્યાથી લાવેલ છો તેના બીલ માંગેલ તથા આટલા મોટા ખાતરના જથ્થાનો શું ઉપયોગ કરો છો તેમ પુછતા તેણે પોતાની પાસે બીલ નહીં હોવાનુ જણાવેલ અને પોતે આ નીમ યુરીયા ખાતરનો ઉપયોગ રેઝીન(એક પ્રકારનુ કેમીકલ) બનાવવામાં ઉપયોગ કરે છે તેમ જણાવેલ. તેમજ નીલ કોસમો મટિરિયલ્સ ટેકનોલોજી નામની પેઢીના જવાબદાર વ્યક્તિ છે. જે તેઓ પ્લોટ નંબર ૫, પરશુરામ ઇન્ડસ્ટ્રીયલ ઝોન ૨, શેરી નંબર ૪, વૈભવ ફાઉન્ડરી પાસે, રાજકોટ પેઢી ચલાવે છે. વધુમાં ખેતી અધિકારીએ જણાવેલ કે, પ્રાથમિક દ્રષ્ટિએ થેલીમાં જોતા જીએસએફસી લિમિટેડ અને ક્રિભકો લિમિટેડ કંપનીની ખાતરની થેલીમાં વિગતો હતો. હાલ પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરીયોજના હેઠળ તમામ બેગો પીળા કલરની એક સમાન હોવાથી તમામ બેગોની વિગતો જાણવા માટે સ્થળ પર હાજર મજૂરો દ્વારા ખાતરની તમામ બેગોનું ફરીથી ગોઠવણ કરી વિગતો નોંધવાનું શરૂ કરેલ હતી અને ૩૭૩ થેલીઓ ગણી હતી. સેમ્પલ જૂનાગઢ ખાતે તપાસ માટે મોકલાયા છે. આજીડેમ પોલીસ મથકે ગુનો નોંધી અશ્વિનની ધરપકડ કરાઈ હતી. અને વધુ તપાસ હાથ ધરાઈ છે.

જીએસએફસી લિમિટેડ અને ક્રિભકો લિમિટેડ કંપનીની ખાતરની થેલીમાં વિગતો મળી, પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરીયોજના હેઠળનો જથ્થો હોવાની શંકા

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.